અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ ઓગસ્ટ ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ પૂનમ | અંક : ૩૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### તસવીરને ઇસરોએ સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરી


### રોવર ચંદ્રની સપાટી પર હાજર તત્વોની શોધ કરી રહ્યું છે, આ દરમિયાન રોવરે સલ્ફર અને ઓક્સિજન ઉપરાંત ઘણા તત્વો શોધી કાઢ્યા

## પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર ઊભેલા વિક્રમ લેન્ડરની તસવીર લીધી

। નવી દિલ્હી, તા.૩૦ ।

ચંદ્રયાન-૩ મિશનના મહત્વપૂર્ણ ભાગ પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર મજબૂતાઈથી ઊભેલા વિક્રમ લેન્ડરની તસવીર લીધી છે. આ તસવીરને ઈસરોએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરી છે. આ તસવીરને રોવરે પ ોતાના નેવિગેશન કેમેરા દ્વારા કેદ કરી છે. ચંદ્રની સપાટી પર ટચડાઉન કર્યા બાદ વિક્રમ લેન્ડરથી અલગ થયેલ પ્રજ્ઞાન રોવર છેલ્લા સાત દિવસથી પ ોતાનું કામ કરી રહ્યું છે. રોવર ચંદ્રની સપાટી પર હાજર તત્વોની શોધ કરી રહ્યું છે. આ દરમિયાન રોવરે સલ્ફર અને ઓક્સિજન ઉપરાંત ઘણા તત્વો શોધી કાઢ્યા છે. આ તત્વોના મિશ્રણથી એ પણ પ ુષ્ટિ થઈ છે કે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીનો બરફ હાજર છે. આનાથી ચંદ્ર પર માનવ વસાહતોની સંભાવના પણ વધી ગઈ છે. પ્રજ્ઞાન રોવર જે તેના મિશનમાં સતત આગળ વધી રહ્યું છે તેણે આજે ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ની સવારે વિક્રમ લેન્ડરની તસવીર ક્લિક કરી છે. ઈસરોએ આ તસવીર પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરી છે. ચંદ્ર મિશનની સફળતા માટે ઈસરોએ રોવરમાં મહત્વપૂર્ણ નવકેમ્સ કેમેરાનો ફિક્સ કર્યો છે. આ અત્યાધુનિક કેમેરા બેંગલુરુમાં ઈલેક્ટ્રો-ઓપ્ટિક્સ સિસ્ટમ પ્રયોગશાળા (લિયોસ) દ્વારા વિકસિત કરવામાં આવ્યા છે. આ કેમેરા રોવરની આંખોની જેમ કામ કરે છે અને પડકારરૂપ ચંદ્ર વિસ્તારને પાર કરતી વખતે તેમનું માર્ગદર્શન કરે છે. તે ચંદ્ર પર રોવરના સુરક્ષિત નેવિગેશનને સુનિશ્ચિત કરીને પથ યોજના અને અવરોધ ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલ ચંદ્રયાન-૩ મિશન ૨૩ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ ચંદ્રની સપાટી પર સફળ લેન્ડિંગ કર્યા બાદ મહત્વપ ૂર્ણ પ્રગતિ કરી રહ્યું છે. આ મિશને ભારતને ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરનાર ચોથો





દેશ બનાવી દીધો છે. પ્રજ્ઞાન રોવર દ્વારા ક્લિક કરવામાં આવેલી વિક્રમ લેન્ડરની તસવીર મિશનમાં એક મહત્વપૂર્ણ મીલનો પત્થર છે. આ માત્ર રોવર અને લેન્ડર વચ્ચેના સફળસહયોગનેજનથીદર્શાવતુંપરંતુલિયોસ-વિકસિતનવકેમ્સની તકનીકી ક્ષમતાને પણ દર્શાવે છે. આ મિશને ભારતને ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરનાર ચોથો દેશ બનાવી દીધો છે. પ્રજ્ઞાન રોવર દ્વારા ક્લિક કરવામાં આવેલી વિક્રમ લેન્ડરની તસવીર મિશનમાં એક મહત્વપૂર્ણ મીલનો પત્થર છે. આ માત્ર રોવર અને લેન્ડર વચ્ચેના સફળ સહયોગને જ નથી દર્શાવતું પરંતુ લિયોસ-વિકસિત નવકેમ્સની તકનીકી ક્ષમતાને પણ દર્શાવે છે.

### ન્યૂઝ બ્રિફ

#### સ્કોર્પિયો ટ્રક સાથે ટકરાતાં સાતનાં ઘટના સ્થળે મોત

। રોહતાસ, તા.૩૦ ।

બિહારના રોહતાસ જિલ્લાના શિવસાગરમાં હાઈવે પર એક મોટો રોડ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં સ્કોર્પિયો ગાડીમાં સવાર સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તમામ મૃતકો કૈમુરના કુડારી ગામના રહેવાસી હોવાનું કહેવાય છે. આ ઘટનામાં ચાર લોકોને ગંભીર ઈજ્જા થઈ છે. મળતી માહિતી મુજબ, તમામ લોકો ઝારખંડના રાંચીથી પોતાના ગામ પરત ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં વાહનનો ડ્રાઈવરને ઝોકું આવી ગયું હતું.

#### પિંપરી-ચિંચવડની દુકાનમાં આગથી ચાર લોકોનાં મોત

। મહારાષ્ટ્ર, તા.૩૦ ।

પૂણે જિલ્લાના પિંપરી-ચિંચવડ સ્થિત પૂર્ણાનગર વિસ્તારમાં આજે એક દુકાનમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આગ લાગવાથી ૪ લોકોના મોત થઈ ગયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આજે સવારે લગભગ ૫:૦૦ વાગ્યે રહેણાંક મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત એક ઈલેક્ટ્રિક હાર્ડવેરની દુકાનમાં આગ ફાટી નીકળી હતી જેણે થોડી જ વારમાં ઈમારતની અનેક માળને લપેટમાં લઈ લીધી હતી.

### કોંગ્રેસના વરિષ્ઠ નેતાની વિવાદાસ્પદ પોસ્ટ પર હંગામો

## મ.પ્ર.ના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ સામે એફઆઈઆર દાખલ

### બજરંગ દળના સભ્યો કોતવાલી પહોંચ્યા અને ફરિયાદ અરજી આપી

। ભોપાલ, તા.૩૦ ।

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહ દ્વારા કરવામાં આવેલા પોસ્ટ પર હંગામો થયા બાદ હવે તેમની વિરુદ્ધ દમોહ કોતવાલીમાં વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ગઈકાલે રાત્રે બજરંગ દળના સભ્યો કોતવાલી પહોંચ્યા અને ફરિયાદ અરજી આપી, ત્યારબાદ પોલીસે દિગ્વિજય સિંહ વિરુદ્ધ કલમ ૧૫૩-એ, ૧૭૭, ૫૦૫ (૨) હેઠળ કેસ નોંધ્યો હતો. દમોહના



સીએસપી અભિષેક તિવારીએ જણાવ્યું કે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા સંયોજક શંભુ વિશ્વકર્માએ સોશિયલ મીડિયા સાઈટ એક્સ(ટ્વિટર) પર દિગ્વિજય સિંહ દ્વારા કરવામાં આવેલી પોસ્ટ અંગે ફરિયાદ નોંધાવ્યા બાદ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલાની તપાસ કરવામાં આવી હતી જે તથ્યહીન હોવાનું બહાર આવ્યું હતું, ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ પૂર્વ મુખ્યમંત્રીની ધરપકડ અંગે તેમણે જણાવ્યું કે આ સોશિયલ મીડિયા એકાઉન્ટ કોના દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું અને તેનો સ્ત્રોત શું હતો તે બાબતની તપાસ કરવામાં આવી રહી છે.

### કર્ણાટકમાં રાહુલે ગૃહલક્ષ્મી યોજના શરૂ કરાવી

## અમારી સરકારે ચૂંટણી વચનો ૧૦૦ દિવસમાં પૂરા કર્યા : રાહુલ ગાંધી

### કર્ણાટક સરકારે ૧.૧ કરોડ મહિલાને ૨,૦૦૦ રૂપિયાની માસિક સહાય આપવા માટે ગૃહ લક્ષ્મી યોજના શરૂ કરી

। મૈસુર, તા.૩૦ ।

કર્ણાટકના મૈસુરમાં રાહુલ ગાંધીએ આજે રાજ્ય સરકારની ગૃહ લક્ષ્મી યોજના શરુ કરાવી હતી. આ કાર્યક્રમમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલ અને રણદીપ સુરજેવાલા ઉપસ્થિત રહ્યા છે. આ પ્રસંગે રાહુલ ગાંધીએ કહ્યું કે અમારી સરકારે ૧૦૦ દિવસમાં જ ચૂંટણીમાં આપેલા વચનો પૂર્ણ કર્યા છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું, ‘અમે તમને કહ્યું હતું કે ચૂંટણી બાદ કર્ણાટકમાં મહિલાઓને બસમાં મુસાફરી કરવા માટે કંઈ ચૂકવવું પડશે નહીં. આ યોજનાને ‘શક્તિ’ નામ આપવામાં આવ્યું અને અમે તેને પૂર્ણ કરી છે. આ સિવાયની અમારી પાંચ યોજનાઓ જુઓ જેમાં એકને છોડીને બાકીની ચાર યોજનાઓ મહિલાઓ માટે બનાવવામાં આવી છે. આની પાછળ ઊંડો વિચાર છે. કર્ણાટક સરકારે ૧.૧ કરોડ મહિલાઓને ૨,૦૦૦ રૂપિયાની માસિક સહાય આપવા માટે ‘ગૃહ લક્ષ્મી’ યોજના શરૂ કરી છે.

### ઈન્ડિયાની બેઠક ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે મુંબઈમાં

## કેજરીવાલને પીએમ પદના ઉમેદવાર જાહેર કરવા માગણી

। નવી દિલ્હી, તા.૩૦ ।

વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની ત્રીજી બેઠક ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાવાની છે. આ પહેલા આમ આદમી પાર્ટીએ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને વિપક્ષના પીએમ પદના ઉમેદવાર બનાવવાની માંગણી કરી છે. આમ આદમી પ ાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા કક્કરે કહ્યું, “જો તમે મને પૂછો તો હું ઈચ્છું છું કે અરવિંદ કેજરીવાલ વડાપ્રધાન પદના ઉમેદવાર બને.” આવી કમરતોડ મોંઘવારીમાં પણ રાષ્ટ્રીય



રાજધાની દિલ્હીમાં મોંઘવારી સૌથી ઓછી છે. આ સિવાય તેમણે કહ્યું કે દિલ્હીમાં મફત પાણી, મફત વીજળી, મફત શિક્ષણ, મહિલાઓ માટે મફત બસ મુસાફરી, વૃદ્ધો માટે મફત તીર્થયાત્રાની સુવિધા આપવામાં આવી રહી છે. આમ છતાં સરપ્લસ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.

### સમાજવાદી પક્ષના નેતાની વિવાદાસ્પદ ટિપ્પણી

## સ્વામી પ્રસાદ મૌર્યની જીભ કાપી લાવનારને ૧૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત

। નવી દિલ્હી, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના સમાજવાદી પાર્ટીના નેતા સ્વામી પ્રસાદ મૌર્યએ ફરી એક વખત વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. ત્યારબાદ રાજ્યમાં રાજકારણ ગરમાયુ છે. સોમવારે સ્વામી પ્રસાદે ટ્વીટર પર લખ્યું હતું કે, બ્રાહ્મણવાદના મૂળ ઊંડા છે અને તે જ આ તમામ પ્રકારની અસમાનતાનું કારણ છે. આ નિવેદન બાદ કોંગ્રેસ નેતા પંડિત ગંગા રામ શર્માએ એક લેટર જારી કર્યો છે. આ લેટરમાં તેમણે સ્વામી પ્રસાદ મૌર્યની જીભ કાપનારને ઈનામ આપવાની ઘોષણા કરી છે. આ ઈનામ પણ ૧૦ લાખ રૂપિયાનું છે. માનવ અધિકાર વિભાગના જિલ્લા અધ્યક્ષ પંડિત ગંગારામ શર્માએ સપા નેતા સ્વામી પ્રસાદ મોર્ય દ્વારા હિન્દુ ધર્મને અપમાનિત કરીને ધાર્મિક પુસ્તક રામચરિતમાનસની નિંદા કરવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, જરૂર પડવા પર તે પોતાના ધર્મ માટે જીવ પણ આપી દેશે. સપા નેતા દ્વારા શ્રી રામચરિતમાનસ અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કર્યા બાદ કોંગ્રેસ નેતા દ્વારા સપા નેતાની જીભ કાપનારને ઈનામ આપવાનું એલાન કર્યુ છે. રામચરિતમાનસ પર સમાજવાદી પાર્ટીના નેતા સ્વામી પ્રસાદ મૌર્ય દ્વારા વારંવાર નિવેદનો આપીને વિવાદ વધારવાનો આરોપ છે.

### માયાવતીએ ગઠબંધનોમાં સામેલ થવાની અટકળો ફગાવી

## લોકસભા-વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડવાની માયાવતીની જાહેરાત

। લખનઊ, તા.૩૦ ।

માયાવતીએ બીએસપી વિપક્ષી પાર્ટીઓના ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ થવાની અટકળોને ફગાવી દીધી છે. બીએસપી સુપ્રીમોએ સ્પષ્ટ કર્યું છે કે, તેમની પાર્ટી આગામી લોકસભા ચૂંટણી અને આગામી વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડશે. એવી અટકળો ચાલી રહી હતી કે, બીએસપી ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ થઈ શકે છે અને તેના માટે સંપૂર્ણ કાવતરું પણ કરવામાં આવી રહ્યું છે. યુપીમાં કોંગ્રેસે દલિત સમુદાયમાંથી આવતા બ્રિજલાલ ખબરીને હટાવ્યા હતા, જેના કારણે એવો મેસેજ આવ્યો હતો કે માયાવતીને આરામદાયક લાગે તે માટે તેમણે ખબરીને હટાવીને યુપીની કમાન અજયને સોંપી દીધી છે. રાયને એવું ન લાગે કે એક તરફ કોંગ્રેસ તેમને મહાગઠબંધનમાં સામેલ કરવા માંગે છે અને બીજી તરફ તેણે યુપીમાં દલિત સમુદાયમાંથી આવતા એક નેતાને કમાન પણ આપી દીધી છે.




## શહેરના ૫૧ પીઆઈની એક સાથે બદલીથી પોલીસ તંત્રમાં સોંપો પડી ગયો

। અમદાવાદ, તા.૩૦ ।

શહેરમાં પોલીસ બેડામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. પોલીસ તંત્રમાં બદલીનો ગંજીફો ચીપાયો છે. એક સાથે ૫૧ પોલીસ ઈન્સપેક્ટરોની બદલીથી સમગ્ર બેડામાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિકના આદેશથી એક જ સ્થાને ત્રણ વર્ષથી ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટરોને વિદાય આપી દેવામાં આવી છે. શહેરમાં કંટ્રોલ રૂમ, સાયબર ક્રાઈમ, ટ્રાફિક, ક્રાઈમ બ્રાંચ સહિતના વિભાગોમાંથી ઈન્સ્પેક્ટરોની બદલી કરી દેવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ પોલીસ કમિશ્નર બન્યા બાદ જી.એસ. મલિકે મોટા પાયે ફેરબદલીનો આદેશ કર્યો છે. શહેરમાં એક સાથે ૫૧ પોલીસ ઈન્સપેક્ટરોનીબદલીકરીદેતાંસમગ્રતંત્રમાં સોંપો પડી ગયો છે. તે ઉપરાંત લિવરિઝર્વમાં રહેલા ૨૮ ઈન્સપેક્ટરોને નિમણૂંક આપવામાં આવી છે. જ્યારે ૧૫૦ ઈન્સ્પેક્ટરના સ્ટ્રેન્થમાં ત્રીજા ભાગના ઈન્સ્પેક્ટરો બદલીના હુકમોમાં આવી ગયા છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષથી એક જ સ્થાન પર ચીપકી ગયેલા ઈન્સ્પેક્ટરોને વિદાય આપી દેવામાં આવી છે. હવે આગામી દિવસોમાં ફોજદારી બદલીનો લીથો બહાર પડશે.

## સુરતમાં કોમર્શિયલ લિફ્ટ તૂટતાં બે કામદારોનાં મોત

। સુરત, તા.૩૦ ।

સચીન જીઆઈડીસી વિસ્તારમાં છાસવારે દુર્ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે સચિન જીઆઈડીસીમાં કોમર્શિયલ લિફ્ટ તૂટી પડતાં બે કામદારોના મોત નીપજ્યાં હતાં. માલ સામાન ચઢાવતી વખતે સર્જાયેલી દુર્ઘટનામાં બે કામદારોના મોત થયા હતાં. જેથી મૃતકના સ્વજનો અને સંબંધીઓ શોકમાં ગરકાવ થઈ ગયાં હતાં. પોલીસે ઘટનાને લઈ તપાસ હાથ ધરી છે.સચિન જીઆઈડીસીમાં આવેલી મધુનંદન ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં દુર્ઘટના સર્જાઈ હતી. ધર્મેશ્વર બેઠા અને સંદીપ ચૌહાણ નામના કામદારોના મોત થયાં હતાં. કંપનીની અંદર કોમર્શિયલ લિફ્ટમાં માલ સામાન ચઢાવતી વખતે બનેલી ઘટનામાં મોત નીપજ્યાં હતાં. બંને કામદારોના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં. હાલ સચિન જીઆઈડીસી પોલીસ દ્વારા ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.




ગુજરાત યુનિવર્સિટી પાસે એસયુસીઆઈ અને ડીએસઓ દ્વારા કોમન યુનિવર્સીટી એક્ટ વિરુદ્ધ વિરોધમાં કરેલ ધરણા...

## હળવદમાં આંગણવાડીના બાથરુમમાં સંતાડેલો દારુનો જથ્થો મળી આવ્યો

। મોરબી, તા.૩૦ ।

મોરબીના હળવદ તાલુકામાં એક બુટલેગરે દારુનો જથ્થો સંતાડવા માટે આંગણવાડી કેન્દ્રના બાથરુમનો ઉપયોગ કર્યો હતો. માથક ગામમાં બુટલેગરોએ દારુનો જથ્થો સંતાડ્યો હતો અને જેને લઈ સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે આવીને દારુનો ૧૧ પ ેટી જથ્થો ઝડપી લઈને કાર્યવાહી કરી હતી. દારુની હેરાફેરી કરનારા અને જથ્થો સ્ટોક કરીને વેચાણ કરનારાઓ બેફામ બન્યા છે. બુટલેગરો દારુના જથ્થાને સંતાડવા માટે થઈને હવે એવા સ્થળનો ઉપયોગ કરી રહ્યા છે, જેને લઈ સ્થાનિક લોકોનો પણ રોષ વધી ગયો છે. મોરબીના હળવદ તાલુકામાં એક બુટલેગરે દારુનો જથ્થો સંતાડવા માટે આંગણવાડી કેન્દ્રના બાથરુમનો ઉપયોગ કર્યો હતો. માથક ગામમાં બુટલેગરોએ દારુનો જથ્થો સંતાડ્યો હતો અને જેને લઈ સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે આવીને દારુનો ૧૧ પેટી જથ્થો ઝડપી લઈને કાર્યવાહી કરી હતી. આંગણવાડીમાં જ્યા માસૂમ બાળકોની હાજરી હોય છે. જ્યાં બુટલેગરોએ દારુ સંતાડવાના સ્થળ તરીકે પસંદ કર્યો હતો.

### આણંદ શહેરની ચિરાગ હોસ્પિટલ પર ગંભીર આક્ષેપ

## ડૉક્ટર કનુ નાયક દ્વારા બાળ તસ્કરી કરવામાં આવતી હોવાનો આક્ષેપ

### યુવક દ્વારા એવી માંગ કરી છે કે આવી રીતે બાળકોને વેચનાર ડૉક્ટર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે

। આણંદ, તા.૩૦ ।

નડિયાદ ખાતે રહેતા અને ટ્રાવેલ્સનાં ધંધા સાથે સંકળાયેલા ૩૪ વર્ષીય યુવક કેવલકુમાર કેદારભાઈ જોષીને ૩૨ વર્ષ પહેલા આણંદની ચિરાગ હોસ્પિટલનાં ડૉક્ટર તેમજ તેનાં સાગરીતો દ્વારા કંઈ પણ જાતની કાયદાકીય કાગળીયા કર્યા વગર માત્ર સાત હજારમાં તેના માતા-પિતા પાસેથી લેવામાં આવ્યો આક્ષેપ કર્યો છે. સમગ્ર મામલે આણંદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બાબતે વધુમાં યુવકે જણાવ્યું હતુ કે, વર્ષ ૧૯૯૧ માં ૩૦ સપ્ટેમ્બરનાં રોજ ડૉ. કનુભાઈ નાયક તેમજ તેમનાં સ્ટાફ જ્યોતિબેન દ્વારા કેવલ જોષીનું તેમનાં મારા પાલક માતા પિતાને સાત હજાર જેવી રકમ લઈ વેચાણ કરવામાં આવ્યું હતું. એક પ્રકારે કહીએ તો બાળ તસ્કરી કરવામાં આવી હતી. ત્યારે કેવલ જોષીની સમગ્ર પોલીસ તંત્ર તેમજ તમામ અધિકારીઓને એક જ નમ્ર વિનંતી છે ક્યાં કારણોસર મને મારા જૈવિક માતા-પિતાએ છોડી દીધો છે. અથવા તો આ સમગ્ર બાબતમાં શું સત્ય છે તેને શોધીને લાવે અને મને મારા જૈવિક માતા-પિતા સુધી પ હોંચાડે. તેમજ આ ગુનામાં જે લોકો સંડોવાયેલા છે તેમને સરકાર દ્વારા સજા કરવામાં આવે તેવી કેવલ જોષીની માંગ છે. તેમજ એ વખતે જો ડૉક્ટરે કાયદેસરનાં કાગળ કર્યા હોત તો આજે મારી પાસે દત્તક પુત્ર તરીકેનાં તમામ પુરાવા હોત. ત્યારે ડૉક્ટર દ્વારા આવા કોઈ કાગળ કર્યા નથી. જેથી એક અંદાજ એવો લગાવી શકાય કે ડૉક્ટર દ્વારા અનેક બાળકો આવી રીતે આપ્યા હશે જે વંચિત હશે તેઓનાં અસલી માં-બાપથી. ત્યારે આ અંગેની જાણ થતા કેવલ જોષીએ ચિરાગ હોસ્પિટલનાં ડૉક્ટર કનુ નાયક તેમજ જ્યોતિબેન સામે પોલીસ મથકે ગુનો નોંધાવવા પ હોંચ્યા હતા. પરંતુ પોલીસે જવાબદાર વ્યક્તિઓનાં નિવેદન લીધા છે. પરંતુ હજુ સુધી ગુનો નોંધ્યો નથી.

### જોખમી બાઇક રાઇડિંગ યુવકોને મોંઘી પડી

## ગણદેવી માર્ગ પર 3 યુવકોની સ્ટંટબાજી : ત્રણેય સામે કાર્યવાહી કરવામાં આવી

### આ ત્રણ યુવાનો ઇ-બાઇકની ડિલિવરી આપવા જતા હતા, જોકે આ બાઇક ચાલકો રસ્તા વચ્ચે બેફામ ગાડી ચલાવી અન્ય લોકોના જીવ તાળવે ચોટયા હતા

। નવસારી, તા.૩૦ ।

નવસારી શહેરમાં ફરી જોખમી રીતે બાઈક ચલાવતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. શહેરમાં આવેલા ઈટાડવાથી ગણદેવી જતા માર્ગ ઉપર ત્રણ બાઈક ચાલકો બેફામ બાઈક ચલાવતા નજરે ચડ્યા હતા. જિલ્લા ટ્રાફિક પોલીસે આ તમામને ઝડપી પાડ્યા છે.નવસારીમાં સ્ટંટબાજોનો વીડિયો વાયરલ થયો હતો. પરંતુ ગણતરીના કલાકોમાં આ સ્ટંટ બાજોને પોલીસે સબક શિખવાડ્યો છે. નવસારી-ગણદેવી માર્ગ પર ૩ યુવકોની સ્ટંટબાજીનો વીડિયો વરાળ થયા બાદ આ તમામને પકડી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. જેને લઈ ટ્રાફિક પોલીસ સતર્ક બની હતી. ગણતરીના કલાકોમાં આ આરોપીને ઝડપીને કાર્યવાહી કરી છે.નવસારીનો આ વીડિયો વાયરલ થતાં તપાસમાં સામે આવ્યુ હતું કે આ ત્રણ યુવાનો ઈ-બાઈકની ડિલિવરી આપવા જતા હતા. જોકે આ બાઈક ચાલકો રસ્તા વચ્ચે બેફામ ગાડી ચલાવી અન્ય લોકોના જીવ તાળવે ચોટયા હતા. જોકે આ બાદ ટ્રાફિક પોલીસે ત્રણેય યુવકોને ઝડપી પાડ્યા. આ તમામ ત્રણેય યુવકો બીલીમોરાના ઈ-બાઈકના શોરૂમમાં નોકરી કરે છે. જે તમામ આરોઈ આર્યન નિલેશભાઈ સોલંકી, હર્ષ જયેશભાઈ પટેલ, સુરજ કુમાર વકીલભાઈ ચૌહાણ તમામને ઝડપી પાડ્યા છે. જે તમામ આરોઈ આર્યન નિલેશભાઈ સોલંકી, હર્ષ જયેશભાઈ પટેલ, સુરજ કુમાર વકીલભાઈ ચૌહાણ તમામને ઝડપી પાડ્યા છે.

## મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી બે બાઈક ચાલક ફરાર

। સુરેન્દ્રનગર, તા.૩૦ ।

સુરેન્દ્રનગરના ચોટીલામાં ચેઈન સ્નેચિંગની ઘટના બની છે. મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી બે બાઈકચાલક યુવકો ફરાર થઈ ગયા હતા. ચોટીલામાં બનેલી ચેઈન સ્નેચિંગની સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ચોરીની ઘટનાઓ સતત સામે આવી રહી છે. ત્યાં સુરેન્દ્રનગરના ચોટીલામાં ચેઈન સ્નેચિંગની ઘટના બની છે. મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી બે બાઈકચાલક યુવકો ફરાર થઈ ગયા હતા. ચોટીલામાં બનેલી ચેઈન સ્નેચિંગની સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે. પોલીસે CCTVના આધારે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ આજથી ૩૨ વર્ષ પહેલાની વાત કરીએ તો કેવલ જોષીનાં પાલક માતા પિતા એટલે કે કેદારભાઈ જોષી જેઓ અમદાવાદની કોલેજમાં પ્રિન્સીપાલ તરીકે નોકરી કરતા હતા. તેમજ હેમલત્તાબેન જોષી જેઓનાં લગ્નને ૧૪ વર્ષ જેટલો લાંબો સમય વીતવા છતાં પણ તેઓને સંતાન પ્રાપ્તિ થઈ ન હતી. તેમજ તેઓએ સંતાન પ્રાપ્તિ માટે અનેક બાધા માનતાઓ રાખી, અનેક દવાઓ કરી છતાં પણ કોઈ પરિણામ ન આવતા છેલ્લે તેઓએ આશાઓ છોડી દીધી હતી. અવાર નવાર સગા વ્હાલાઓ હેમલત્તાબેનને મ્હેણા ટોણા પણ મારતા હતા. કેવલ જોષીએ આ સમગ્ર મામલે તેઓને તેમનાં મામી સ્વ. ગીતાદેવી દિનેશચંદ્ર ભટ્ટ દ્વારા આ સમગ્ર હકીકત જાણવા મળી હતી. જેમાં તેઓની પાડોશમાં જ રહેતા જ્યોતિબેન ચિરાગ હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તેમનાં મારફતે તેઓને સાત હજારમાં ખરીદ્યો હોવાનો ખુલાસો થયો હતો.જે સાંભળતા જ યુવકનાં પગ નીચેથી જમીન ખસી જવા પામી હતી.


**વિશેષ લેખ** — **પ્રજ્ઞાન રોવરે ચંદ્ર પર સલ્ફર હોવાની પુષ્ટિ કરી : ઓક્સિજન સહિત ૮ તત્વો પણ મળી આવ્યા, હાઈડ્રોજનની શોધ પણ થઈ શરૂ**

# ચંદ્રયાન-3એ ઉકેલ્યું મોટું રહસ્ય, ચંદ્ર પર ઓક્સિજન અને સલ્ફર હોવાની પુષ્ટિ

### ચંદ્રની સપાટી પરનુ ઈસરોએ તાપમાન નોંધ્યા પછી હવે ઈસરોએ ચન્દ્રની ધરતીમાં છુપાયેલા કિંમતી ખનીજો વિશેની માહિતી વિશ્વને આપી છે



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ





ચંદ્રની સપાટી પર એલ્યુમિનિયમ (Al), સલ્ફર (S), કેલ્શિયમ (Ca), આયર્ન (Fe), ક્રોમિયમ (Cr) અને ટાઈટેનિયમ (Ti) ની હાજરી મળી આવી છે. વધુ માપથી મેંગેનીઝ (Mn), સિલિકોન (Si) અને ઓક્સિજન (O) વગેરે તત્વોનુ પ્રમાણ પણ જણાયું

ભારતના મૂન મિશનના સફળ ઉતરાણ પછી હવે સમગ્ર વિશ્વ એ જાણવા માંગતું હતુ કે ચંદ્રની સપાટી પર શું છે? ત્યારે ચંદ્રયાન-૩ના રોવર પ્રજ્ઞાને મોટી ખુશખબરી આપી છે. જેમાં ચન્દ્રની ધરતી પર દક્ષિણ ધ્રુવ ક્ષેત્રમાં ઓક્સિજન હોવાના પુરાવા આપ્યા છે એ ઉપરાંત બીજા ઘણા ખનીજો હોવાની પુષ્ટિ પણ કરી છે

ચંદ્રયાન-૩ના પ્રજ્ઞાન રોવરમાં લાગેલા એક યંત્રએ ચંદ્રના દક્ષિણ ધ્રુવ ક્ષેત્રમાં ઓક્સિજન હોવાની પુષ્ટી કરી છે. આ કામ પેલોડ એટલે કે ઈન્સ્ટ્રૂમેન્ટ લેસર ઈન્ડ્યુસ્ડ બ્રેકડાઉન સ્પેક્ટ્રોસ્કોપી (LIBS) દ્વારા કરવામાં આવ્યું છે. ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩નો આ પહેલો ઈન-સીટુ પ્રયોગ હતો. આ સિવાય હજુ પણહાઈડ્રોજનની શોધ થઈ રહી છે. જો ઓક્સિજન પછી હાઈડ્રોજન પણ મળી જશે તો ચંદ્ર પર પાણી બનાવવું સરળ બનશે.

જેમાં લિબ્સ (LIBS) ચંદ્રની સપાટી પર તીવ્ર લેસર કિરણો ફેંકીને તેનું વિશ્લેષણ કરી રહી છે. આ લેસર કિરણો ખૂબ જ તીવ્રતા સાથે પથ્થર અથવા માટી પર પડે છે. આ કારણે ત્યાં ખૂબ જ ગરમ પ્લાઝ્મા ઉત્પન્ન થાય છે. પ્લાઝ્મામાંથી નીકળતો પ્રકાશ જણાવે છે કે સપાટી પર કયા પ્રકારના ખનીજ અથવા રસાયણો હાજર છે.

ભારતીય અવકાશ એજન્સીના જણાવ્યા અનુસાર કે, LIBS એક એવી વૈજ્ઞાનિક ટેકનિક છે, જેના દ્વારા લેસર પલ્સ વડે સામગ્રીને નિશાન બનાવીને તેનું વિશ્લેષણ કરે છે. આ સામગ્રી કોઈપણ ખડક અથવા માટી હોઈ શકે છે. આ દરમિયાન, લેસર પલ્સ ઘણી બધી ગરમી અને પ્લાઝ્મા ઉત્પન્ન કરે છે, જે સામગ્રીની રચના બનાવે છે. ભારતીય અવકાશ એજન્સીના જણાવ્યા અનુસાર કે, LIBS એક એવી વૈજ્ઞાનિક ટેકનિક છે, જેના દ્વારા લેસર પલ્સ વડે સામગ્રીને નિશાન બનાવીને તેનું વિશ્લેષણ કરે છે. આ સામગ્રી કોઈપણ ખડક અથવા માટી હોઈ શકે છે. આ દરમિયાન, લેસર પલ્સ ઘણી બધી ગરમી અને પ્લાઝ્મા ઉત્પન્ન કરે છે, જે સામગ્રીની રચના બનાવે છે. ભારતીય અવકાશ એજન્સીના જણાવ્યા અનુસાર કે, LIBS એક એવી વૈજ્ઞાનિક ટેકનિક છે, જેના દ્વારા લેસર પલ્સ વડે સામગ્રીને નિશાન બનાવીને તેનું વિશ્લેષણ કરે છે. આ સામગ્રી કોઈપણ ખડક અથવા માટી હોઈ શકે છે. આ દરમિયાન, લેસર પલ્સ ઘણી બધી ગરમી અને પ્લાઝ્મા ઉત્પન્ન કરે છે, જે સામગ્રીની રચના બનાવે છે.

જ્યારે લેસર પલ્સનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે પ્લાઝ્મા લાઈટ ઉત્પન્ન થાય છે, જે ડિટેક્ટર દ્વારા શોધી કાઢવામાં આવે છે. વાસ્તવમાં, જ્યારે દરેક સામગ્રી પ્લાઝ્મા અવસ્થામાં જાય છે, ત્યારે એક ખાસ પ્રકારનો પ્રકાશ નીકળે છે, જેના આધારે તે સામગ્રીમાં કયા તત્વો છે તે જણાવવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા દ્વારા જ ચંદ્રના દક્ષિણ ધ્રુવની જમીનમાં ઓક્સિજન, સલ્ફર જેવા તત્વો મળી આવ્યા છે.

**આ સિવાય જે ખનિજો કે રસાયણો શોધાયા છે તે છે.**

ઈસરોએ ગ્રાફ દ્વારા ચંદ્રની સપાટી પર મળી આવેલા તત્વો વિશે જણાવ્યું છે. ISRO અનુસાર, ચંદ્રની સપાટી પર એલ્યુમિનિયમ (Al), સલ્ફર (S), કેલ્શિયમ (Ca), આયર્ન (Fe), ક્રોમિયમ (Cr) અને ટાઈટેનિયમ (Ti) ની હાજરી મળી આવી છે. વધુ માપ થી મેંગેનીઝ (Mn), સિલિકોન (Si) અને ઓક્સિજન (O)

વગેરે તત્વોનુ પ્રમાણ પણ ઓછું કે વધારે હોવાની પુષ્ટિ કરી છે. આ બધા તત્વો વસ્તુઓ ચંદ્રની સપાટી પર હાજરી જણાઈ છે.

ઈસરોએ વધુમાં જણાવ્યું કે, "ઈન-સીટુ વૈજ્ઞાનિક પ્રયોગો ચાલી રહ્યા છે. ઈન-સીટુ મેઝરમેંટ્સ દ્વારા, રોવર પર લાગેલું ઉપકરણ 'લેસર-ઈન્ડ્યુસ્ડ બ્રેકડાઉન સ્પેક્ટ્રોસ્કોપ' (LIBS) સ્પષ્ટપણે દક્ષિણ ધ્રુવ પાસે ચંદ્રની સપાટીમાં સલ્ફર (S) ની હોવાની પણ પુષ્ટી કરી છે. LIBS સાધન ઈલેક્ટ્રો-ઓપ્ટિક્સ સિસ્ટમ્સ ઈસરોની બેંગલુરુ લેબોરેટરીમાં વિકસાવવામાં આવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### કોહલી-હાર્દિકનાં છગ્ગા અને બુમરાહની બૂમ, વીડિયોમાં બધા દેખાયા ફોર્મમાં

। નવી દિલ્હી, તા.૩૦ ।

એશિયા કપની નવી સીઝનની તૈયારીમાં ટીમ ઈન્ડિયા કોઈ કસર છોડવા માંગતી નથી. ટીમનો કેમ્પ હાલમાં બેંગલુરુમાં ચાલી રહ્યો છે, જે ૨૪ ઓગસ્ટથી શરૂ થયો હતો. આ દરમિયાન ખેલાડીઓનો યો-યો ટેસ્ટ પણ લેવામાં આવ્યો હતો. ઈજામાંથી પરત ફરી રહેલા કેએલ રાહુલથી લઈને શ્રેયસ અય્યરને ટીમમાં જગ્યા મળી છે. આ દરમિયાન બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાની તૈયારીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. મ્ઝ્રઝ્રૈં દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં ટીમની તૈયારીઓ બતાવવામાં આવી છે. જેમાં વિરાટ કોહલી, રોહિત શર્મા, શુભમન ગિલ અને ઈશાન કિશન બેટિંગની પ્રેક્ટિસ કરતા જોવા મળે છે. પરંતુ ચાહકો શ્રેયસ અય્યરના હેલિકોપ્ટર શોટને પસંદ કરી રહ્યા છે. આ વિડિયોમાં શ્રેયસ અય્યર હેલિકોપ્ટર શોટ મારતો જોવા મળી રહ્યો છે. જો અય્યર નંબર-૪ પર સારું પ્રદર્શન કરી શકશે તો ભારતીય ટીમ વધુ મજબૂત બનશે. ટીમ ઈન્ડિયાનો મુકાબલો ૨ સપ્ટેમ્બરે પહેલી મેચમાં પાકિસ્તાન ટીમ સામે થશે. એશિયા કપમાં ટીમના સારા પ્રદર્શન માટે સૌએ અભિનંદન પાઠવ્યા છે. વીડિયોમાં કેએલ રાહુલ વિકેટકીપિંગ કરતો જોવા મળી રહ્યો છે.

### વિશ્વની સૌથી મોટી માછલીનું પિયર છે ગુજરાતનો દરિયો

। જૂનાગઢ, તા.૩૦ ।

વિશ્વભરમાં ૩૦ ઓગસ્ટે આંતરરાષ્ટ્રીય વ્હેલ શાર્ક દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે ગુજરાતના દરિયામાં પ્રવાસ કરતી આ મહાકાય દુર્લભ પ્રજાતિ વ્હેલ શાર્કની હાલમાં શું સ્થિતિ છે અને તે પોતાના ગુણધર્મોને લઈને કઈ રીતે અલગ પડે છે તે બાબતની સમગ્ર માહિતી હાલમાં તમને જણાવવા માંગીએ છીએ. વિશ્વની સૌથી મોટી અને દુર્લભ પ્રજાતિની માછલી તથા ગુજરાત રાજ્યનો દરિયાઈ વન સંરક્ષણ અને સંવર્ધન માટે હાલ અનેક પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. વ્હેલ શાર્ક ગુજરાતનાં દરિયા કિનારે ઈંડા મુકવા માટે આવે છે. ગુજરાતનાં દરિયા કિનારાનું તાપમાન તેમને માફક આવે છે. વ્હેલ શાર્ક ગુજરાતની દીકરી છે. ગુજરાતના દરિયાકાંઠે કાર્યરત વ્હેલ શાર્ક સંરક્ષણ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લા બે દાયકાના સમયમાં ૯૦૦ થી વધુ માછીમારીની જાળમાં ફસાઈ હતી. શાર્ક માછલીને પછી માછીમારો એ પોતાની જાળ કાપી અને સુરક્ષિત રીતે છોડી મૂકવામાં આવી હતી. ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા માછીમારોને આ બાબતમાં વળતર પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૦માં અને આ વર્ષ પહેલા ગુજરાત રાજ્યના દરિયા કિનારે ખૂબ જ વિશાળ અને સાલસ દરિયાઈ વન્ય પ્રાણી એવા વ્હેલ શાર્ક માછલીનો ખૂબ જ વિપુલ માત્રામાં શિકાર કરવામાં આવતો હતો.

### અપશબ્દો બોલનારા લોકો લાંબુ જીવન જીવે છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

આપણામાંથી ઘણા લોકો એવા હશે જેને ગાળો (અપશબ્દ)આપવી કે સાંભળવી સારુ ન લાગતું હોય, પણ કેટલીય સ્ટડીઝ કહે છે કે, ગાળો આપવી એટલું પણ ખરાબ નથી, જેટલું આપણે સમજીએ છીએ. તેનાથી બીજાનું બ્લડ પ્રેશર ભલે વધી જાય પણ ગાળો આપવી આપણા સ્વાસ્થ્ય માટે સારુ છે. તે ન ફક્ત શારીરિક પણ માનસિક રીતે પણ આપણને ફિટ રાખે છે. વર્ષ ૨૦૧૫માં એક સ્ટડી થઈ હતી, જેમાં લોકોને અમુક ખાસ શબ્દો લખવા માટે કહેવામાં આવ્યું. આ શબ્દ અમુક ખાસ અક્ષરોથી લખવાના હતા. જેના રિઝલ્ટમાં શોધકર્તાઓને એવા એવા શબ્દો મળ્યા, જે મોટા ભાગે કસમ અને શ્રાપના હતા. અમુક ભણેલા-ગણેલા લોકોએ શ્રાપ આપવા માટે એવા શબ્દોની પસંદગી કરી, જે ખૂબ જ અલગ હતા. જે તેમની બુદ્ધિ દર્શાવે છે. આ ઉપરાંત ન્યૂજર્સીની કીન યુનિવર્સિટીએ એક રિસર્ચમાં જણાવ્યું હતુ કે, જે લોકો ગાળ આપીને પોતાનો ગુસ્સો ઠાલવે છે, તેમના મગજ પર બોઝ નથી રહેતો અને તેમને ઘણો ફાયદો થાય છે. તેનાથી ઉંમર પણ વધે છે અને ડિપ્રેશનના ચાન્સ ઓછા થઈ જાય છે.




બેંગલુરુમાં એશિયા કપ ૨૦૨૩ પહેલા તાલીમ સત્ર દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ...

#### ગ્રામીણ વિસ્તારોમાં ઘટી શકે છે માંગઃ રિપોર્ટ

## ચોમાસામાં ઓછા વરસાદના કારણે વધી શકે છે મોંઘવારી

### નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના બીજા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો સરેરાશ ૯.૪ ટકા સુધી રહેવાની ધારણા છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

આ ચોમાસાની સીઝનમાં ઓછા વરસાદને કારણે ખરીફ પાકની વાવણીને અસર થવાની સંભાવના છે. તેથી તેના કારણે ખાદ્યપદાર્થોની મોંઘવારી વધવાની સંભાવના છે. ઓછો વરસાદ અને ખાદ્ય મોંઘવારી વધવાની અસર ગ્રામીણ અર્થતંત્ર પર પડી શકે છે. કેર રેટિંગ્સે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે કોરોના મહામારી બાદ સરકારી સબસિડીમાં ઘટાડાની અસર ગ્રામીણ વિસ્તારોમાં માંગ પર જોવા મળી શકે છે, જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં લોકોની આવક ઘટી શકે છે. કેર રેટિંગ્સે અનિયમિત ચોમાસું, ખાદ્યપદાર્થોના ભાવ અને ગ્રામીણ માંગના શીર્ષક સાથે રિપોર્ટ બહાર પાડ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ચોમાસામાં વધઘટના કારણે દેશી ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાની સંભાવના છે. વૈશ્વિક પરિસ્થિતિ મોંઘવારીની આગમાં બળતણનું કામ કરી શકે છે. કેર રેટિંગ્સના રિપોર્ટ અનુસાર આગામી મહિનાઓમાં ખાદ્યપદાર્થોનો ફુગાવો વધતો રહેશે. સાથે જ ઓકટોબર બાદ નવો પાક બજારમાં આવ્યા બાદ જ રાહત મળવાની સંભાવના છે. રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના બીજા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો સરેરાશ ૯.૪ ટકા સુધી રહેવાની ધારણા છે. તે ત્રીજા ક્વાર્ટરમાં ઘટીને ૬.૯ ટકા પર આવી શકે છે.

#### યુવા પ્રોફેશનલ્સની આવક વધી

## ગુજરાતમાં ૧ વર્ષમાં કરોડપતિઓની સંખ્યામાં ૪૫૦૦નો વધારો જોવાયો

### વર્ષમાં કરપાત્ર આવક એક કરોડ કરતા વધુ હોય તેમને કરોડપતિ ટેક્સ પેયરની કેટેગરીમાં મુકાય છે

। અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતમાં ઉદ્યોગ-ધંધાના વિકાસની સાથે સાથે કરોડપતિઓની સંખ્યા વધતી જાય છે. ઈક્મ ટેક્સની ચુકવણીના આંકડા સાબિત કરે છે કે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં કરોડપતિ કરદાતાઓ વધ્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ એટલે કે ઝ્રમ્ડ્ઢના ડેટા મુજબ વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં કરોડપતિ ટેક્સ પેયરની સંખ્યા ૪૯ ટકા વધી છે. એક નાણાકીય વર્ષમાં જેમની કરપાત્ર આવક એક કરોડ કરતા વધુ હોય તેમને કરોડપતિ ટેક્સ પેયરની કેટેગરીમાં મુકવામાં આવે છે. અગાઉના વર્ષોની સાથે



સરખામણી કરવામાં આવે તો છેલ્લા એક વર્ષમાં એક કરોડથી વધુ ટેક્સેબલ ઈક્મ ધરાવતા લોકો વધ્યા છે. ૨૦૨૧માં રાજ્યમાં ૯૩૦૦ લોકો આ કેટેગરીમાં આવતા હતા જ્યારે ૨૦૨૨માં આ સંખ્યા વધીને લગભગ ૧૪,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. એટલે કે એક વર્ષમાં કરોડોપતિઓની સંખ્યામાં ૪૫૦૦નો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષનો ડેટા જોવામાં આવે તો ગુજરાતમાં અત્યારે સૌથી વધુ કરોડપતિ કરદાતા છે તેમ કહી શકાય. કારણ કે અગાઉના વર્ષોમાં આ સંખ્યા માત્ર ૭૦૦૦ હતી જે હવે ૧૪,૦૦૦ સુધી પહોંચી છે. છેલ્લા પાંચ વર્ષની એવરેજ જોવામાં આવે તો સરેરાશ ૮૨૦૦ કરોડપતિ કરદાતા નોંધાયા છે. તેમાંથી કોર્પોરેટ કેટેગરીમાં પણ ૧૦૦૦નો વધારો થયો હતો. કોર્પોરેટ કેટેગરીના કરોડપતિ કરદાતાની સંખ્યા ૩૭૦૦થી વધીને ૪૭૦૦ થઈ છે. એટલે કે આ કેટેગરીમાં કરોડપતિઓની સંખ્યા ૨૮ ટકા વધી છે.

### માર્કેટમાં આવી ગયું એક વિચિત્ર જેકેટ, કીબોર્ડના જેવો આકાર

। નવી દિલ્હી, તા.૩૦ ।

આજકાલ ફેશનના નામે કંપનીઓ લોકોને કંઈ પણ પહેરાવી દે છે, જેના પછી તેઓ હાસ્યનો પાત્ર બની જાય છે. પરંતુ જ્યારે વધુ લોકો તે જ પહેરવાનું શરૂ કરે છે, ત્યારે તે કપડાંનો ટ્રેન્ડ શરૂ થાય છે. જો કે તમે ઘણા વિચિત્ર ટ્રેન્ડવાળા કપડાં જોયા જ હશે, પરંતુ તાજેતરમાં એક જેકેટ ખૂબ જ લોકપ્રિય બન્યું છે, જેમાં બટનો કમ્પ્યુટર કીબોર્ડ જેવા બનાવવામાં આવે છે. આ બટનો જોઈને, તમને એવું લાગશે કે જાણે તે ખરેખર કોઈ કીબોર્ડ છે. જેકેટ આશ્ચર્યજનક છે, પરંતુ તેની કિંમત જાણીને તમને વધુ આશ્ચર્ય થશે. ઓડિટી સેન્ટ્રલ ન્યૂઝ વેબસાઈટના અહેવાલ મુજબ, એક ખૂબ જ વિચિત્ર જેકેટ (કીબોર્ડ જેકેટની કિંમત) બજારમાં આવી છે જે કીબોર્ડ જેવું લાગે છે. કીબોર્ડ પહેર્યા પછી દૂરથી કોઈ તમને કીબોર્ડ સમજી લે તો નવાઈ નહીં. લિમિનલ વર્ક શોપ નામની કપડાની કંપનીએ આ જેકેટ બનાવ્યું છે. તે એક પફર જેકેટ છે જેમાં બટનની નીચે પાઉચ હોય છે જે સામગ્રી લઈ જાય છે. તેમની સાથે એક સાંકળ જોડાયેલ છે. તે પાણી પ્રતિરોધક નાયલોનમાંથી બનાવવામાં આવે છે. કંપનીએ બ્લેક ગ્રે ડિઝાઈન બનાવી છે જેની કિંમત વધુ છે, જ્યારે સફેદ ડિઝાઈન પણ બનાવવામાં આવી છે જેની કિંમત ઓછી છે. હવે જ્યારે અમે કિંમત વિશે વાત કરી રહ્યા છીએ, તો ચાલો તમને તેની કિંમત વિશે પણ જણાવીએ. બ્લેક અને ગ્રે જેકેટની કિંમત ઈ૬૨૩ એટલે કે લગભગ ૫૦ હજાર રૂપિયા છે જ્યારે સફેદ જેકેટની કિંમત ઈ૨૬૯.૯૯ એટલે કે ૨૨ હજાર રૂપિયા છે. લિમિનલ વર્ક શોપે જેકેટની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી છે. ફોટામાં એક મહિલા આ જેકેટ પહેરેલી જોવા મળી રહી છે. ઘણા લોકોએ કોમેન્ટ કરીને પોતાનો અભિપ્રાય આપ્યો છે.



નાઇજીરીયામાં ઓમો ફોરેસ્ટ રિઝર્વની અંદર લોગર્સ એક ટ્રક પર લાકડું લોડ કરે છે.

#### નાની ઉંમરમાં પણ આવે છે હાર્ટ એટેક

## સતત વધતું વજન પણ હાર્ટ એટેકનું કારણ બની શકે છે

### હાર્ટ અટેકને રોકવા માટે બ્લડ શુગરને કન્ટ્રોલમાં રાખવું જરૂરી છે, ખાંડ સફેદ ઝેર સમાન છે, ડાયટમાં તેનું સેવન સપ્રમાણ કરો

। નવી દિલ્હી, તા.૩૦ ।

તાજેતરમાં, આવી ઘણી ઘટનાઓ જોવા મળી રહી છે જેમાં યુવાનો હાર્ટ એટેકનો શિકાર બની રહ્યા છે. તો નાની ઉંમરે હાર્ટ એટેકના કારણો શું છે. સૌ પ્રથમ હાર્ટ અટેકનું કારણ આપણી અનિયમિત આહાર અને જીવન શૈલી છે.જેના કારણે બેડ કોલેસ્ટ્રોલમાં વધારો થાય છે. સ્ટ્રેસ પણ હાર્ટ અટેકનું કારણ છે. માનસિક તણાવયુક્ત જીવનશૈલી હાર્ટઅટેક તરફ દોરી જશે. સતત વધતું વજન પણ હાર્ટ અટેકનું કારણ બની શકે છે. માટે પ્રોપર ડાયટની સાથે આપ વર્કઆઉટને રૂટીનમાં એડ કરો. હાર્ટ અટેકને રોકવા માટે બ્લડ શુગરને કન્ટ્રોલમાં રાખવું જરૂરી છે. ખાંડ સફેદ ઝેર સમાન છે. ડાયટમાં તેનું સેવન સપ્રમાણ કરો. આ સિવાય સમયાંતરે તમારા સ્વાસ્થ્યની ખાસ કરીને કોલેસ્ટ્રોલની તપાસ કરતા રહો, જેથી તમે કોલેસ્ટ્રોલ, શુગર, વજન, લીવરની સ્થિતિ વિશે જાણી શકો અને જો કોઈ સમસ્યા હોય તો તેને સમયસર નિયંત્રિત કરી શકાય છે.

#### ઈસરોનું સૂર્ય મિશન આદિત્ય એલ૧ તૈયાર

## આદિત્ય એલ-૧ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર સ્થિત સૂર્યના રહસ્યો જાહેર કરશે

। નવી દિલ્હી, તા.૩૦ ।

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ના સફળ સોફ્ટ લેન્ડિંગ પછી, સૂર્ય મિશન આદિત્ય એલ૧ તૈયાર છે. ગઈકાલે ઈસરોએ જાહેરાત કરી હતી કે, આ મિશન ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે શ્રીહરિકોટા, આંધ્રપ્રદેશના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. પૃથ્વીથી સૂર્યનું અંતર ૧.૪ મિલિયન કિલોમીટર છે, એટલે કે તે ચંદ્ર કરતાં ૪ ગણું વધુ દૂર છે. સૂર્ય પર ખૂબ ગરમી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે 'મિશન સન' મિશન મૂન કરતાં વધુ મુશ્કેલ હશે, આ માટે ઈસરોએ અનેક ગણી વધુ તૈયારીઓ કરવી પડશે. આવી સ્થિતિમાં, સૂર્યના કદ અને તાપમાન જેવી બાબતોને લઈને લોકોના મનમાં વિવિધ પ્રકારના પ્રશ્નો ઉભા થઈ હશે. તો ચાલો આ તમામ પ્રશ્નોના સમાધાન આપણે અહીં મેળવીશું.આદિત્ય એલ-૧ એ ભારતનું પ્રથમ સૂર્ય મિશન છે. તેને લોન્ચ કરીને ભારત સૌર વાતાવરણની ગતિશીલતા એટલે કે ક્રોમોસ્ફિયર અને કોરોનાનો અભ્યાસ કરવા માંગે છે. આ સાથે, તે કોરોનામાંથી મોટા પ્રમાણમાં ઉર્જા મુક્ત થવાના રહસ્યો પણ ખોલવા માંગે છે. વધુમાં, આદિત્ય એલ-૧ દ્વારા, ઈસરો આંશિક રીતે આયોનાઈઝ્ડ પ્લાઝ્માના ભૌતિકશાસ્ત્ર અને અવકાશ હવામાનની ગતિશીલતા પર માહિતી એકત્ર કરવાનો ઈરાદો ધરાવે છે. તેની સાથે જ, તે સૌર વાતાવરણમાંથી પ્લાઝ્મા અને ચુંબકીય ક્ષેત્રોના મોટા પાયે વિસ્ફોટનો અભ્યાસ કરવાનો ઈરાદો ધરાવે છે.આદિત્ય એલ-૧ લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર સ્થિત સૂર્યના રહસ્યો જાહેર કરશે. લેંગ્રેસ પોઈન્ટ એટલે કે એલ-૧ સુધી પહોંચવામાં ચાર મહિના લાગશે. આદિત્ય એલ-૧ને લેંગ્રેસ પોઈન્ટ નજીક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. લેંગ્રેસ બિંદુ એ અવકાશમાં એવા બિંદુનો ઉલ્લેખ કરે છે.

#### ભારતીય મૂળના નેતાની મુશ્કેલી વધી

## રેપ સિંગર એમિનેમને વિવેક રામાસ્વામી સામે વાંધો પડ્યો

### રિપબ્લિકન પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર તરીકે ટ્રમ્પ સામે સ્પર્ધા કરી

। વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકાના મશહૂર રેપ સિંગર એમિનેમને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે રેસમાં ઉતરેલા ભારતીય મૂળના નેતા વિવેક રામાસ્વામી સામે વાંધો પડી ગયો છે. રિપબ્લિકન પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર તરીકે ટ્રમ્પ સામે સ્પર્ધા કરી રહેલા વિવેકે પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન એમિનેમના સંગીતનો ઉપયોગ કર્યો હતો. જેના પર રેપરે હવે સત્તાવાર



રીતે વાંધો ઉઠાવ્યો છે. રેપ સિંગરે કહ્યુ છે કે, રામાસ્વામી મારા સંગીતનો ઉપયોગ ના કરે. આ માટે મ્યુઝિક લાઈસન્સર બ્રોડકાસ્ટને એમિનેમે ફરિયાદ પણ કરી છે. તાજેતરમાં વિવેક રામાસ્વામીનો એક વિડિયો પણ વાયરલ થયો હતો. જેમાં તેઓ એમિનેમનુ એક રેપ ગીત ગાતા જોવા મળ્યા હતા. રામાસ્વામી રેપ સંગીતના શોખીન છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વખતે વિવેક રામાસ્વામી પોતે રેપ સોંગ ગાતા હતા અને તેઓ ધ વેક નામના એક રોક બેન્ડનો હિસ્સો હતા.જોકે વિવેક રામાસ્વામી પહેલા રોલિંગ સ્ટોને પણ ડોનાલ્ડ ટ્રમ્પ સામે પોતાના ગીતનો ઉપયોગ કરવા બદલ વાંધો ઉઠાવ્યો હતો.

## લિબિયાના વિદેશ મંત્રી નાજલા મંગૌશને સરકારે સસ્પેન્ડ કરી દીધા

। તેલ અવીવ, તા.૩૦ ।

સાઉદી અરેબિયા અને યુએઈ એક સમયના કટ્ટર દુશ્મન ઈઝરાયેલ સાથે સબંધો સુધારવાના રસ્તા પર છે. જોકે સંખ્યાબંધ મુસ્લિમ દેશો એવા છે જે ઈઝરાયેલનુ નામ પડતા જ ભડકી ઉઠે છે. લિબિયા પણ આ પૈકીનો એક દેશ છે. લિબિયાના વિદેશ મંત્રી નાજલા મંગૌશને સરકારે સસ્પેન્ડ કરી દીધા છે. કારણકે ઈઝરાયેલના વિદેશ મંત્રી એલી કોહેને દાવો કર્યો છે કે, ગયા સપ્તાહે મેં લિબિયાના વિદેશ મંત્રી મંગૌશ સાથે રોમમાં મુલાકાત કરી હતી. આ નિવેદન બાદ લિબિયાના રસ્તા પર લોકો ઉતર્યા હતા અને વિદેશ મંત્રી મંગૌશના વિરોધમાં દેખાવો કર્યા હતા. એ પછી લિબિયાના વડાપ્રધાને વિદેશ મંત્રીને સસ્પેન્ડ કરીને સમગ્ર ઘટનાક્રમ અંગે તપાસનો આદેશ આપ્યો છે. બીજી તરફ બેઠકની જાણકારી બહાર આવ્યા બાદ મંગૌશ તુર્કી રવાના થઈ ગયા છે. આ બેઠક



અંગે ઈઝરાયેલના વિદેશ મંત્રી એલી કોહેને કહ્યુ હતુ કે, લિબિયામાં એક સમયે વસતા યહૂદી સમુદાયની વિરાસતને સંરક્ષિત રાખવા માટે મારી અને લિબિયાના વિદેશ મંત્રી વચ્ચે મહત્વપૂર્ણ ચર્ચા થઈ છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રમાં અને વોટર મેનેજમેન્ટ સેક્ટરમાં ઈઝરાયેલે લિબિયાને સહાયતા કરવાની ઓફર કરી હતી. બીજી તરફ લિબિયાના વિદેશ મંત્રાલયે આ બેઠકને અનૌપચારિક અને આકસ્મિક ગણાવીને કહ્યુ હતુ કે, આ મુલાકાતમાં કોઈ વાતચીત થઈ નથી અને કોઈ પ્રકારના કરાર પણ થયા નથી. એવો પણ દાવો થઈ રહ્યો છે કે, લિબિયાના વડાપ્રધાન દબીબાને આ બેઠક અંગે પહેલેથી જાણકારી હતી અને તેમણે આ માટે અગાઉથી લીલી ઝંડી આપી હતી. બંને દેશના વિદેશ મંત્રીઓ વચ્ચે બે કલાક સુધી બેઠક ચાલી હતી. મંગૌશે લિબિયા પાછા ફર્યા બાદ વડાપ્રધાનને આ અંગે જાણકારી પણ આપી હતી. જોકે ઈઝરાયેલે બેઠકની જાણકારી સાર્વજનિક કરતા મંગૌશ આશ્ચર્યમાં પડી ગયા હતા.

## તંત્રી લેખ...

# આવનાર દિવસોમાં નેતાઓની સંખ્યા વધી શકે છે

વિપક્ષી એક્તાને બળ આપવા માટે બેંગલુરુમાં થવા જઈ રહેલી બેઠકમાં કયા વિષયો પર ચર્ચા થાય છે અને મોદી હટાવો સિવાય બીજો કોઈ સકારાત્મક એજન્ડા તૈયાર થઈ શકે છે, એના પર આખા દેશની નજર હશે. પટનામાં આ જ પ્રકારની બેઠકમાં ૧૬-૧૭ પક્ષોએ ભાગીદારી કરી હતી, ત્યાં જ બેંગલુરુમાં ૨૬ પક્ષો એકત્ર થઈ રહ્યા છે. જોકે આ જે નવા પક્ષો બેંગલુરુમાં વિપક્ષી એક્તાને બળ આપવા માટે પહોંચી રહ્યા છે, તેઓ મુખ્યત્વે દક્ષિણ ભારતમાં સીમિત અસર ધરાવતા જ પક્ષો છે, પરંતુ વિપક્ષપાસે એ દાવો કરવાનો અવસર તો હશે જ કે હવે તેમની પાસે ક્યાંય વધારે પક્ષો છે. ત્યારબાદ પણ એ કહેવું મુશ્કેલ છે કે આગામી સામાન્ય ચૂંટણી સુધી તે તમામ એકજુટ રહી શકશે, કારણકે તેમનામાં એને લઈને મંથન ચાલુ છે કે કયા જૂથમાં ઊભા રહેવાથી લાભ થશે. એની અવગણના ન કરી શકાય કે હજુ હાલ સુધી જે નેતા વિપક્ષી એક્તાની તરફદારી કરી રહ્યા હતા કે પછી ભાજપથી દૂર રહેતા હતા, તેમાંથી કેટલાક વંડી ઠેકી ગયા છે. તેમાં મુખ્ય છે જીતનરામ માંઝી અને ઓમપ્રકાશ રાજભર. આવનાર દિવસોમાં એવા નેતાઓની સંખ્યા વધી શકે છે, કારણ કે ભાજપ પણ પોતાના નેતૃત્વવાળા રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનને વિસ્તાર આપવા માટે પ્રયાસરત છે. તેણે પણ આ માટે આજે બેઠક બોલાવી છે. વિપક્ષી દળોની પટના બેઠકને આયોજિત થયે બહુ દિવસ નથી થયા, પરંતુ આ દરમ્યાન વિરોધી જૂથોમાં ઘણું બદલાઈ ગયું છે. મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી એટલે કે એનસીપીમાં વિભાજન થઈ ચૂક્યું છે અને વિપક્ષી એક્તાના સૌથી મોટા તરફદાર નીતિશ કુમાર પોતાના પક્ષમાં તિરાડની આશંકાથી ગ્રસ્ત દેખાવા લાગ્યા છે. રેલવેમાં નોકરીને બદલે જમીન કૌભાંડમાં તેજસ્વી યાદવ વિરુદ્ઘ ચાર્જશીટ દાખલ થઈ જવાને કારણે પણ નીતિશ કુમારની મુશ્કેલી વધી છે. એક અન્ય ઘટનાક્રમ અંતર્ગત કોંગ્રેસે આમ આદમી પાર્ટીને સંતુષ્ટ કરવા માટે દિલ્હી સરકારને લઈને આવેલા અધ્યાદેશનો વિરોધ કરવાનો નિર્ણય લઈ લીધો છે. ત્યારબાદ આપ નેતાઓએ બેંગલુરુ જવાની હા તો પાડી દીધી છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું દિલ્હી અને પંજાબ કોંગ્રેસના નેતા પોતાના નેતૃત્વના ફેંસલાને સ્વીકાર કરી શકશે? પ્રશ્ન એ પણ છે કે હવે આમ આદમી પાર્ટી આગામી વિધાનસભા ચૂંટણીવાળાં રાજ્યોમાં કોંગ્રેસ પર પોતાના તીખા રાજકીય હુમલા કરવાનું બંધ કરી દેશે? આ જ રીતે એક પ્રશ્ન એ પણ છે કે શું બંગાળમાં કોંગ્રેસના નેતા મમતા બેનર્જી પ્રત્યે ઢીલ રાખવા તૈયાર થશે? કોંગ્રેસે એ કોયડો પણ ઉકેલવો પડશે કે શું તે બંગાળમાં ડાબેરી પક્ષો સાથે રહેવા અને કેરળમાં તેમના વિરોધમાં ઊભા થવાની પોતાની વિચિત્ર નીતિ પર ચાલતી રહેશે? વાસ્તવમાં આ એવા પ્રશ્નો છે, જે વિપક્ષમાં વ્યાપ્ત અંતર્વિરોધને જ દર્શાવે છે. તેમને દૂર કરવા આસાન નથી.

## લેપટોપની સ્થિતીને સુધારી શકાય

આધુનિક સમયમાં મોટા ભાગના લોકો પાસે લેપટોપ છે. લેપટોપમાં પણ તમામ પ્રકારની જરૂરી સુવિધા હોય છે પરંતુ મોટા ભાગના યુઝર્સ લેપટોપની સ્પીડને લઈને પ્રશ્નો કરતા રહે છે અને તેની સ્પીડ વધારી દેવા માટે પ્રયાસ પણ કરે છે. ટેકનોલોજી સાથે જોડાયેલા નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે સામાન્ય રીતે બજેટ લેપટોપ્સ સમયની સાથે સાથે ધીમા થતા જાય છે. આવી સ્થિતીમાં યુઝર્સ કાળજી રાખે તે જરૂરી છે. વિન્ડોઝ અપડેટ કરવા માટેની સલાહ પણ નિષ્ણાંતો આપે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે માઈક્રોસોફ્ટ નિયમિત રીતે વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમ માટે અપડેટ્સ રિલીઝ કરે છે. મોટા ભાગના યુઝર્સ તેમને મોટા ડાઉનલોડના કારણે ઈગ્નોર કરે છે. પરંતુ આ એક મોટી ભુલ છે. કારણ કે આ અપડેટ્સ આપના લેપટોપ માટે મહત્વપૂર્ણ સિક્યોરિટી અને પરફોર્મ પેચેજ તરીકે કામ કરે છે. અપડેટ્સને તરત લેવાના બદલે થોડાક દિવસ રોકાઈને આગળ વધવાની જરૂર હોય છે. અપડેટ સ્થિર છે કે કેમ તે અંગે માહિતી મેળવી લેવા માટે થોડાક દિવસ સુધી રોકાઈ જવાની જરૂર રહે છે. તેમાં કોઈ સમસ્યા છે કે કેમ તે અંગે આ રીતે માહિતી મળી શકે છે. ઓપરેટિંગ સિસ્ટમને અપડેટ કરવા માટે હમેંશા તૈયારી રાખવાની જરૂર રહે છે. કોમ્પ્યુટર ધીમા ચાલવા માટે કેટલાક કારણો હોય છે જે પૈકી સૌથી મોટુ અને ઉપયોગી કારણ ઈન્ટરનલ સ્ટોરેજ ડ્રાઈવ પર બિનજરૂરી ડેટા એકત્રિત થાય છે તે રહે છે. ફ્રી વિનડરસ્ટેટ અથવા તો ડિસ્ક સેવીથી પોતાના સ્ટોરેજ ડ્રાઈવનુ મુલ્યાંકન કરવામાં આવી શકે છે. જુના ડેટાના`ક અપ લેવા જોઈએ. હાર્ડવેયર અપગ્રેડ કરવાની પણ જરૂર હોય છે. જાણકાર લોકો કહે છે કે આપના લેપટોપના પરફોર્મમાં સુધારો કરવા માટે સૌથી સરળ તરીકો હાર્ડવેયર અપગ્રેડ કરવાની બાબત છે. મોટા ભાગના લેપટોપ્સ પોતે અથવા તો સર્વિસ સેન્ટરની મદદથી રેમ અને હાર્ડડ્રાઈવ અપગ્રેડ કરવાની સુવિધા આપે છે. મલ્ટીટાસ્કિંગ માટે રેમને ડબલ કરી શકાય છે. આના કારણે બેઝિક સુધારો નજરે પડશે. જો તમે પરફોર્મમાં મોટા ફેરફાર જોવા માટે ઈચ્છુક છો તો તમે પોતાના લેપટોપ માટે એક ઈન્ટરનલ એસએસડીમાં રોકાણ કરી શકો છો. સાથે સાથે સ્ટાન્ડર્ડ એચડીટીથી મુક્તિ મેળવી શકાય છે. એસએસડીની ઝડપી વાંચવા અને લખવાની ગતિથી ઓવરઓલ સુધારો થશે. આના કારણે બુટ ટાઈમ અને પ્રોગ્રામ લોન્ચમાં સ્પીડ નજરે પડશે. કોમ્પ્યુટર સાથે જોડાયેલા જાણકાર લોકો કહે છે કે પોતાના કોમ્પ્યુટરને હમેંશા સાફ રાખવાની જરૂર હોય છે. જ્યારે લેપટોપ્સની ઈન્ટરનલ હાર્ડ ડ્રાઈવને સાફ કરી લેવામાં આવે ત્યારે બહારના કમ્પોનેન્ટસ પર પણ ભાર મુકવાની જરૂર હોય છે. આપ સિસ્ટમને કોઈ પણ ઓથોરાઈઝ સર્વિસ સેન્ટર પર લઈને જઈ શકો છો. સાથે સાથે તેની સફાઈ કરાવી શકાય છે. અથવા તો આ કામ ઘરમાં પણ કરવામાં આવી શકે છે. આના માટે આપને એક ક્લિનિંગ કિટની જરૂર રહેશે. તેની કિંમત ૩૦૦થી ૫૦૦ રૂપિયાની વચ્ચે રહે છે. તેમાં એક ક્લિનિંગ સ્પે, બ્રશ, એયર બ્લોઅર અને માઈક્રો ફાઈબર ક્લોથ સામેલ છે. આની મદદથી આપ કિબોર્ડ, કોર્નર જેવી જગ્યાથી ધુળ અને માટી દુર કરી શકો છો. આ તમામ બાબતો યોગ્ય સાબિત ન લાગે તો રીસેટ કરી શકાય છે. આને છેલ્લા રસ્તા તરીકે જોવામાં આવે છે. સિસ્ટમ રિસેટ કરવાના કારણે લેપટોપના તમામ ડેટા અને એપ્સ ઉડી જાય છે. સાથે સાથે લેપટોપ્સ ફેક્ટરી ડિફોલ્ટ સ્ટેજ પર પહોંચી જાય છે. આનો અર્થ છે કે લેપટોપ ઓપરેટિંગ સિસ્ટમ એવી જ અવસ્થામાં આવી જાય છે જ્યારે તે પહેલી વખત શરૂ કરવામાં આવી હતી. આ સ્ટેપથી સેટિંગ્સઅને પ્રોગ્રામમાં રહેલી દરેક પ્રકારની તકલીફ દુર થઈ જાય છે. તેમાં રહેલા વાયરસ અને માલવેયરની સમસ્યા પણ દુર થઈ જાય છે. આ બાબતનુ ધ્યાન રાખવાની જરૂર હોય છે કે લેપટોપને રિસેટ કરવાની પ્રક્રિયા અલગ અલગ બ્રાન્ડમાં અલગ અલગ હોય છે.

# રામેશ્વરના જયોર્તિલિંગને મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ અને અજન્મા આશુતોષ મહાદેવની અરસ-પરસની ઉભય ભક્તિનું પ્રતિક માનવામાં આવે છે



### સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હિન્દુ ધર્મમાં કેટલાય દેવી દેવતાઓ છે અને દરેકને પૂજન વિધિનો એક અલગ મહિમા છે, અને તેની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી તેની પૂજન-અર્ચન કરવામાં આવે છે. પરંતુ શંકર એક એવો દેવ છે, જેને તેની મૂર્તિ કરતા વધારે શિવલિંગ સ્વરૂપે પૂજવામાં આવે છે, અને આ શિવલિંગ પર અભિષેક કરવાનો એક અપરંપાર મહિમા છે. વેદોક્ત વિધિ પ્રમાણે રુદ્રી લઘુરુદ્ર અને મહારુદ્ર પણ કરવામાં આવે છે, શંકર તો બિલકુલ ભોળો દેવ છે, તેને કોઈ ક્રિયાકાંડની જરૂર નથી. પરંતુ જીવ પોતાના સંતોષ માટે થઈને, તેની લાંબી લાંબી આરાધના કરતો હોય છે. સૃષ્ટિની શરૂઆતમાં એટલે કે સતયુગમાં પણ શિવનું પ્રાધાન્ય શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે, અને ત્રેતા કાળમાં તેમજ દ્વાપરમાં પણ શિવની આરાધના બતાવવામાં આવી છે. એટલે એ પરથી સાબિત થાય કે જ્યારથી જીવ આ ધરા પર આવ્યો, ત્યારથી તેને શિવની આરાધના સૌથી સહેલી પડી છે, અને ભગવાન શિવને તો બધા જ આરાધી શકે. એટલે કે દેવ, દાનવ, યક્ષ, કિન્નર, ગાંધર્વ, નાગ, અને માનવ, આ બધાને આરાધના સ્વીકારનાર ઓ ભોળો નાથ મહાદેવ જન્મો જન્મોજન્મના આપણા કષ્ટ નિવારણ કરે છે. આપણે સૌ જાણીએ છીએ કે ત્રેતા કાળમાં ભગવાન શિવનો પરમ ભક્ત એવો રાવણ જ્યારે પંચવટી માંથી માતા સીતાનું હરણ કરી ગયો, ત્યારે તેને બચાવવા નીકળેલા શ્રી રામએ પણ રામેશ્વર જયોર્તિલિંગની સ્થાપના કરી હતી.

રામેશ્વર મંદિર એ એક એવું મંદિર છે જે ભારતના મુખ્ય ચાર તીર્થોમાંનું એક તીર્થધામ પણ માનવામાં આવે છે, અને સાતમાં જ્યોતિર્લિંગ તરીકે પણ જેને પ્રસિદ્ધિ મળી છે, એવાં રામેશ્વરનું મંદિર એટલે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ અને અજન્મા આશુતોષ મહાદેવની અરસ-પરસની ઉભય ભક્તિનું પ્રતિક માનવામાં આવે છે. ઋગ્વેદમાં કોટિ કંદર્પ સંહિતામાં આજના પ્રખ્યાત એવા રામેશ્વરના મંદિરનો ઉલ્લેખ જોવા મળે છે,એ બતાવે છે કે, આ મંદિર કેટલું પૌરાણિક છે, શ્રી રામેશ્વર મહાદેવ સાતમું જ્યોતિર્લીંગ છે. આ તીર્થ ને સેતુબંધ તીર્થ કહેવાય છે. એ તમિલનાડુમાં સમુદ્ર કિનારે રામનાથપુર જિલ્લામાં આવેલું છે.





રામનાથસ્વામી મંદિર પણ કહેવામાં આવે છે. રામેશ્વર મંદિરની એક બાજુ બંગાળની ખાડી અને બીજી તરફ હિન્દ મહાસાગર આવેલો હોવાથી, આ તીર્થ સ્થળ સૌંદર્ય અને આકર્ષક લાગે છે.

તમિલનાડુમાં આ જ્યોતિર્લિંગ સમુદ્રના કિનારે આવેલું છે. અહીંયાં શ્રીરામે ભગવાન શંકરની પૂજા કરી હતી. રાવણ સાથે યુદ્ધમાં કોઈ પાપ ન થાય તે કારણે ભગવાન રામે મંદિરમાં શિવજીની આરાધના કરી હતી. રામેશ્વરમ હિન્દુ ધર્મનાં મહત્ત્વનાં તીર્થ સ્થળોમાંનું એક છે. નારાયણના સ્વરૂપ એવા શ્રીરામ અને શિવજીનો વસવાટ આ તીર્થમાં છે. ભગવાન શ્રી રામ એ રાવણ પર વિજય મેળવવા આ શિવલિંગની સ્થાપના કરી હોવાથી, શ્રી રામેશ્રવરમનાં દર્શનથી યશ અને વિજયપ્રાપ્તિનું ફળ મળે છે.

રામેશ્વર જયોર્તિલિંગ વિશેની પૌરાણિક કથા મુજબ સીતાની શોધમાં ભટકતા રામજીની સુગ્રીવથી મિત્રતા થઈ, અને તેના વિશેષ દૂત શ્રી હનુમાનજીની મદદથી સીતાની ખબર મળી,અને સીતાની શોધમાં અહીં-તહીં ભટકતાં શ્રીરામ એ હનુમાનજીની મદદથી જાણવાં મળ્યું કે સીતા માતા લંકાના અશોકવાટિકામાં છે, અને શ્રી રામ પોતાની સાથે વાનરોની સેના લઈને સીતા ને રાવણની કેદમાંથી છોડાવવા નીકળે છે. અહીં સુધી આવ્યાં પછી આ સમુદ્ર કેમ પાર કરવો, એ દ્વિધામાં શ્રીરામ હતાં, ત્યારે નલ અને નીલ નામના બે વાનરને તેવો શ્રાપ હતો કે તે જે કોઈ વસ્તુ પાણીમાં નાખે તે ડૂબે નહીં, અને આ શ્રાપ ત્યારે વરદાન બન્યો,અને લંકા સુધી પહોંચવા માટે સેતુનું નિર્માણ થયું. અત્યારના ધનુષકોટી સુધી રામે સેતુ બંધની રચના કરી. હવે શ્રી રામ રાવણ ઉપર ચઢાઈ કરવા વાનર સેનાનું સંગઠન કરી દક્ષિણના ખારા સમુદ્ર તટ ઉપરથી સેતુ બાંધી લંકા પહોંચ્યા, પરંતુ યુદ્ધમાં તો કેટલીય હિંસા થશે, આવી ચિંતા કરવા લાગ્યા. શિવ ભકત રામજીને ચિંતિત જોઈને લક્ષ્મણ તથા સુગ્રીવાદિ એ તેમને ઘણા સમજાવ્યાં, પણ શિવજી દ્વારા પ્રાપ્ત બળ વાળા રાવણના સંબંધમાં તેઓ નિશ્ચિત ન થયા. આ વચ્ચે તેમને તરસ લાગી અને તેમણે પાણી માંગ્યું, પણ જેમ તે પાણી પીવા લાગ્યા, તેમજ તેમને શિવ પૂજન કરવાની સ્મૃતિ જાગી ઉઠી, કારણકે શ્રી રામના ઈષ્ટદેવ મહાદેવ હતાં, અને આજે એમનું પૂજન અર્ચન કરવાનું રહી ગયું હતું, એટલે તેમણે પાર્થિવ લિંગ બનાવીને ષોડશોપચારથી વિધિવત શિવજીની આરાધના કરી. કહેવાય છે કે અહીં લિંગની પ્રતિષ્ઠા સ્વયં રાવણે કરાવી હતી, કારણ કે રાવણ પોતે પંડિત હતો, અને શાસ્ત્રોક્ત વિધિનું તેને પૂર્ણ જ્ઞાન હતું. વેદ ઉપનિષદનો તે જ્ઞાતા હતો, માત્ર એક અહંકાર ન હોત તો, રાવણ કોઈ દેવથી કમ ન હતો.

રામજી એ ઘણીજ આર્તવાણીમાં શ્રદ્ધાપૂર્વક શિવજીથી પ્રાર્થના કરી, અને તેમનો ઉચ્ચ સ્વરથી જય જયકાર કરતા નૃત્ય તથા ગલ્લનાદ એટલે કે મોઢાથી અગડ બમ બમ શબ્દ નિકળ્યો,અને એનું સ્મરણ કર્યું તો શિવજી પ્રસન્ન થઈ તેમના સામે પ્રકટ થઈ ગયાં, અને તેમને વરદાન માંગવાનું કહેવા લાગ્યા. રામજી એ તેમની ધણા જ પ્રેમપૂર્વક પૂજન અર્ચન અને વંદના કરી અને કહ્યું કે, જો તમે મારા પર પ્રસન્ન છો, તો આ સંસાર ને પવિત્ર કરવાં, અને બીજાના ઉપકાર માટે અહીયા નિવાસ કરો. શિવજી એ "તથાસ્તુ" કહીને લિંગરૂપ સ્થિત થઈ ને રામેશ્વર નામથી પૃથ્વી પર પ્રસિદ્ધ થયા. શિવની કૃપાથી રામ રાવણ આદિ રાક્ષસોં ને મારીને વિજયી થયા. રામેશ્વર મહાદેવનું જે પણ વ્યકિત દર્શન - પૂજન કરે છે, રામેશ્વર શિવલિંગ ઉપર દિવ્ય ગંગાજળ ચઢાવે છે તે જીવનથી મુકત થઈ જાય છે અને અંત માં કેવલ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે.

રામેશ્વર જવા માટે દરિયામાંથી રસ્તો પસાર થાય છે.રામેશ્વર ચેન્નઈથી લગભગ ૪૨૫ માઈલ દક્ષિણ-પૂર્વમાં છે. તે હિંદ મહાસાગર અને બંગાળની ખાડીની ચારેય બાજુ ઘેરાયેલો એક સુંદર શંખના આકારનો એક ટાપુ છે. ઘણાં સમય પહેલાં આ ટાપુ ભારતની જમીન સાથે જોડાયેલો હતો, પરંતુ પછી દરિયાના મોજા ભારત અને ટાપુના જમીન રસ્તાને ઓળંગી ગયા, જેથી તે ચારેય બાજુથી પાણીથી ઘેરાઈને ટાપુ બની ગયો. રામેશ્વર મંદિર જવા માટે કંક્રીટના ૧૪૫ થાંભલા ઉપર ટકેલો લગભગ સો વર્ષ જૂનો પુલ છે. રામેશ્વર જવા માટે આ પુલ ઉપરથી પસાર થવું પડે છે. દરિયાની વચ્ચેથી પસાર થતી ટ્રેનનું દશ્ય ખૂબ જ રોમાંચક હોય છે. આ પુલ સિવાય રસ્તાના માર્ગે જવા માટે એક અન્ય પુલ બનાવવામાં આવ્યો છે. અહીં દર્શન માટે દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ આવે છે. દ્રવિડ શૈલીમાં બનેલું આ મંદિરનું નિર્માણ કળા અને શિલ્પ કળાની સુંદરતાનું પ્રતીક છે.

સત્યયુગ હોય કે કળિયુગનો હોય શંકર અને શિવલિંગ બંને યથાવત આજ સુધી રહ્યા છે, એટલે કે તેમના મૂળ ગુણમાં કોઈ જ ફેરફાર થયો નથી. શંકર એટલે કલ્યાણ અને કલ્યાણ એટલે જ શંકર એ સૌથી જૂની શંકરની વ્યાખ્યા છે, અને આપણે પણ શિવતત્વ ગ્રહણ કરતા જઈએ, તેમ કલ્યાણની ભાવના વધે તો સમજવું કે સાચા શંકરની આરાધના છીએ. શ્રાવણ ધીરે-ધીરે પૂર્વાર્ધ તરફ આગળ વધી રહ્યો છે. પરંતુ ભક્તોના મનની ભાવના ઉત્તરોત્તર વધતી જ જાય છે, અને લોકો એના નાદ બ્રહ્મનું સ્મરણ કરી પોતાની જાતને ધન્ય બનાવે છે. ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે. સત્યયુગ હોય કે કળિયુગનો હોય શંકર અને શિવલિંગ બંને યથાવત આજ સુધી રહ્યા છે, એટલે કે તેમના મૂળ ગુણમાં કોઈ જ ફેરફાર થયો નથી. શંકર એટલે કલ્યાણ અને કલ્યાણ એટલે જ શંકર એ સૌથી જૂની શંકરની વ્યાખ્યા છે, અને આપણે પણ શિવતત્વ ગ્રહણ કરતા જઈએ, તેમ કલ્યાણની ભાવના વધે તો સમજવું કે સાચા શંકરની આરાધના છીએ. શ્રાવણ ધીરે-ધીરે પૂર્વાર્ધ તરફ આગળ વધી રહ્યો છે. પરંતુ ભક્તોના મનની ભાવના ઉત્તરોત્તર વધતી જ જાય છે, અને લોકો એના નાદ બ્રહ્મનું સ્મરણ કરી પોતાની જાતને ધન્ય બનાવે છે. ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

## શ્રાવણ માસમાં શિવ મહિમા - ૧૫

# શિવ-પાર્વતીજીએ શ્રીકૃષ્ણને વરદાનો આપ્યાં



### વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસમાં શિવ મહા પુરાણનું વાચન શ્રવણ એક ઉમદા હદય મનને શાંતિ આપનાર ટોનિક સાબીત થાય છે.આ વર્ષે બે શ્રાવણ માસ આવ્યા એટલે શિવ સાથે વિષ્ણુંનું પૂજન અર્ચન કરી રહ્યા છીએ પહેલાં અધિકસ્ય આધિકમ ફલમની ભાવના સાથે વિષ્ણું ભગવાનનું સ્મરણ કર્યું અને હવે સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવ આજે આપણે સદા શિવ ભોળાનાથ શંભુ અને માતા પાર્વતીજીએ શ્રીકૃષ્ણને કેવાં અને કેમ વરદાનો આપ્યાં આપ્યાં તે વિશે થોડું જાણવા શિવ મહા પુરાણ દૃષ્ટિથી પ્રયત્ન કરીએ.

શ્રીકૃષ્ણે ઉપમન્યુ પાસેથી શિવની કૃપાનાં અનેક દૃષ્ટાંતો સાંભળી વિસ્મય પામી ઉપમન્યુને કહ્યું : "હે મુનિશ્રેષ્ઠ ! શિવપ્રભુ મને પણ દર્શન આપે તેવી કૃપા કરો."

ઉપમન્યુએ કહ્યું : "હે પુરુષોત્તમ ! તમે આજથી સોળમે મહિને પાર્વતી સહિત શિવજીની કૃપા અવશ્ય પામશો. કારણ તમે ઉત્તમ છો, યોગ્ય છો અને સર્વ દેવો દ્વારા પૂજવાયોગ્ય છો. તમે 'ૐ નમઃ શિવાય'નો મંત્ર જપજો.

આમ ને આમ આઠમો દિવસ વીતી ગયો. ઉપમન્યુએ શ્રીકૃષ્ણને દીક્ષા આપી. અથર્વશિરસ્ વેદનો મહાન શિવમંત્ર આપ્યો. શ્રીકૃષ્ણ જટાધારી થયા, મુંડનધારી પણ બન્યા અને ખૂબ જ સાવધાનપણે પગના એક અંગૂઠા પર ઊભા રહીને, બે હાથ ઊંચા કરીને તપ કરતાં શિવ-પાર્વતીએ દર્શન આપ્યાં. તેમના દિવ્ય સ્વરૂપને જોઈ.શ્રીકૃષ્ણ આનંદવિભોર બની હાથ જોડી ઘણા મંત્રો ઉચ્ચાર્યા. 'શિવસહસ્રનામ સ્તોત્ર'થી સ્તુતિ કરી. ભોળાનાથે શ્રીકૃષ્ણને વરદાન માગવા કહ્યું ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું : "હે દેવાધિદેવ ! અગાઉ આપે ઉત્તમ આઠ વરદાનો બતાવ્યાં હતાં, તે હું માગું છું, મારો અચળ યશ થાઓ; મને આપનું સામીપ્ટ રહો, આપ વિશે મારી સ્થિર ભક્તિ રહો, શ્રેષ્ઠ દસ પુત્રો મને મળે, યુદ્ધમાં હું અહંકારી શત્રુઓનો નાશ કર્યું, ક્યાંય મારું અપમાન ન થાઓ તેમજ સર્વ યોગી- મુનિઓને તેમજ શિવભક્તોને હું અતિપ્રિય થાઉં, આ આઠ વરદાન આપવા કૃપા કરો." આમ ને આમ આઠમો દિવસ વીતી ગયો. ઉપમન્યુએ શ્રીકૃષ્ણને દીક્ષા આપી. અથર્વશિરસ્ વેદનો મહાન શિવમંત્ર આપ્યો. શ્રીકૃષ્ણ જટાધારી થયા, મુંડનધારી પણ બન્યા અને ખૂબ જ સાવધાનપણે પગના એક અંગૂઠા પર ઊભા રહીને, બે હાથ ઊંચા કરીને તપ કરતાં શિવ-પાર્વતીએ દર્શન આપ્યાં. તેમના દિવ્ય સ્વરૂપને જોઈ.શ્રીકૃષ્ણ આનંદવિભોર બની હાથ જોડી ઘણા મંત્રો ઉચ્ચાર્યા. 'શિવસહસ્રનામ સ્તોત્ર'થી સ્તુતિ કરી. ભોળાનાથે શ્રીકૃષ્ણને વરદાન માગવા કહ્યું ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું : "હે દેવાધિદેવ ! અગાઉ આપે ઉત્તમ આઠ વરદાનો બતાવ્યાં હતાં, તે હું માગું છું, મારો અચળ યશ થાઓ; મને આપનું સામીપ્ટ રહો, આપ વિશે મારી સ્થિર ભક્તિ રહો, શ્રેષ્ઠ દસ પુત્રો મને મળે, યુદ્ધમાં હું અહંકારી શત્રુઓનો નાશ કર્યું, ક્યાંય મારું અપમાન ન થાઓ તેમજ સર્વ યોગી- મુનિઓને તેમજ શિવભક્તોને હું અતિપ્રિય થાઉં, આ આઠ વરદાન આપવા કૃપા કરો." આમ ને આમ આઠમો દિવસ વીતી ગયો. ઉપમન્યુએ શ્રીકૃષ્ણને દીક્ષા આપી. અથર્વશિરસ્ વેદનો મહાન શિવમંત્ર આપ્યો. શ્રીકૃષ્ણ જટાધારી થયા, મુંડનધારી પણ બન્યા અને ખૂબ જ સાવધાનપણે પગના એક અંગૂઠા પર ઊભા રહીને, બે હાથ ઊંચા કરીને તપ કરતાં શિવ-પાર્વતીએ દર્શન આપ્યાં. તેમના દિવ્ય સ્વરૂપને જોઈ.શ્રીકૃષ્ણ આનંદવિભોર બની હાથ જોડી ઘણા મંત્રો ઉચ્ચાર્યા. 'શિવસહસ્રનામ સ્તોત્ર'થી સ્તુતિ કરી. ભોળાનાથે શ્રીકૃષ્ણને વરદાન માગવા કહ્યું ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું : "હે દેવાધિદેવ ! અગાઉ આપે ઉત્તમ આઠ વરદાનો બતાવ્યાં હતાં, તે હું માગું છું, મારો અચળ યશ થાઓ; મને આપનું સામીપ્ટ રહો, આપ વિશે મારી સ્થિર ભક્તિ રહો, શ્રેષ્ઠ દસ પુત્રો મને મળે, યુદ્ધમાં હું અહંકારી શત્રુઓનો નાશ કર્યું, ક્યાંય મારું અપમાન ન થાઓ તેમજ સર્વ યોગી- મુનિઓને તેમજ શિવભક્તોને હું અતિપ્રિય થાઉં, આ આઠ વરદાન આપવા કૃપા કરો." તેમનું વચન સાંભળી ભોળાનાથે કહ્યું : "તમારા ધાર્યા પ્રમાણે બનશે. ઉપરાંત મુનિએ શાપ આપેલો ઘોર સંવર્તક નામનો પ્રલયકાળનો આદિત્ય સૂર્ય જ તમારો સામ્બ નામે મહાબળવાન પુત્ર થશે. તમે મનુષ્ય અવતારી થયા, તેથી આદિત્ય પણ મનુષ્ય તરીકે અવતરી તમારો પુત્ર થશે." પછી પાર્વતીજીએ પણ શ્રીકૃષ્ણને વરદાનો આપ્યાં. આથી શ્રીકૃષ્ણે પોતાને કૃતાર્થ માન્યા. તેઓ ઉપમન્યુ મુનિના આશ્રમમાં આવી પ્રણામ કરી સર્વ વિગત જણાવી, ત્યારે ઉપમન્યુએ શ્રીકૃષ્ણને ભોળાનાથનું પરમ ઐશ્વર્ય તથા યશની કથા સંભળાવી.

પછી શ્રીકૃષ્ણ દ્વારકા ગયા અને સદાશિવનું સ્મરણ-રટણ કરતા કૃતાર્થ થયા. એ રીતે શ્રીરામ પણ શિવભક્તિથી ધનુષ- બાણ તથા સર્વોત્કૃષ્ટ જ્ઞાન મેળવી રાવણનો વધ કર્યો હતો. ભૃગુવંશી પરશુરામે શિવકૃપાથી પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રિય કરી હતી. તેઓ મહેન્દ્ર પર્વત પર તપ કર્યા કરે છે, પ્રલય- કાળ બાદ ફરી એ ઋષિના સ્થાનને પામશે. ચાક્ષુષ મનુનો પુત્ર ગૃત્સમદ, વિસષ્ઠના શાપથી મરુ દેશમાં મૃગલો બની દંડકારણ્યમાં વિચરતા પ્રણવ"યુક્ત શિવભક્તિથી શાપ-મુક્ત બની શિવજીનો ગણ થયો અને સુખદ ગતિ પામ્યો. શિવે ગાર્ચ ઋષિને મોક્ષપદ તથા અતુલ બળવાળા સહસ્ર પુત્રો આપ્યા હતા.પરાશર મુનિએ શિવભક્તિથી વ્યાસ નામે પુત્ર પ્રાપ્ત કર્યો. માંડવ્યને ભોળાનાથે દસ લાખ વર્ષ સુધી ત્રિશૂળની અણી પર પરોવી રાખી, પછી જીવતા છોડી મૂક્યા હતા. માલવ મુનિના મૃતપિતાને શિવે જીવંત કર્યા હતા. આમ, આ સઘળું તમને ટૂંકમાં જણાવું છું. શેષનાગના હજારો મુખો પણ શિવજીના ગુણો કહેવા સમર્થ નથી. વાચક ચાહક શિવ ભક્તો આપની મનોકામના સદા શિવ ભોળાનાથ શંભુ પૂરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ..

પછી શ્રીકૃષ્ણ દ્વારકા ગયા અને સદાશિવનું સ્મરણ-રટણ કરતા કૃતાર્થ થયા. એ રીતે શ્રીરામ પણ શિવભક્તિથી ધનુષ- બાણ તથા સર્વોત્કૃષ્ટ જ્ઞાન મેળવી રાવણનો વધ કર્યો હતો. ભૃગુવંશી પરશુરામે શિવકૃપાથી પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રિય કરી હતી. તેઓ મહેન્દ્ર પર્વત પર તપ કર્યા કરે છે, પ્રલય- કાળ બાદ ફરી એ ઋષિના સ્થાનને પામશે. ચાક્ષુષ મનુનો પુત્ર ગૃત્સમદ, વિસષ્ઠના શાપથી મરુ દેશમાં મૃગલો બની દંડકારણ્યમાં વિચરતા પ્રણવ"યુક્ત શિવભક્તિથી શાપ-મુક્ત બની શિવજીનો ગણ થયો અને સુખદ ગતિ પામ્યો. શિવે ગાર્ચ ઋષિને મોક્ષપદ તથા અતુલ બળવાળા સહસ્ર પુત્રો આપ્યા હતા.પરાશર મુનિએ શિવભક્તિથી વ્યાસ નામે પુત્ર પ્રાપ્ત કર્યો. માંડવ્યને ભોળાનાથે દસ લાખ વર્ષ સુધી ત્રિશૂળની અણી પર પરોવી રાખી, પછી જીવતા છોડી મૂક્યા હતા. માલવ મુનિના મૃતપિતાને શિવે જીવંત કર્યા હતા. આમ, આ સઘળું તમને ટૂંકમાં જણાવું છું. શેષનાગના હજારો મુખો પણ શિવજીના ગુણો કહેવા સમર્થ નથી.

વાચક ચાહક શિવ ભક્તો આપની મનોકામના સદા શિવ ભોળાનાથ શંભુ પૂરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ..

## આ જ્યૂસ પીવાથી વધે છે આંખોની રોશની, ચશ્માના નંબર પણ જતા રહેશે



આંખોની રોશની વધારવા માટે લોકો અનેક પ્રકારના નુસખાઓ અજમાવતા હોય છે. આમ, તમે આ જ્યૂસ ઘરે બનાવીને પીઓ છો તો હેલ્થથી લઈને આંખોને અનેક ઘણો ફાયદો થાય છે. આ જ્યૂસ પીવાથી ઈમ્યુનિટી સિસ્ટમ પણ સ્ટ્રોંગ થાય છે. ખરાબ દિનચર્યા અને તણાવને કારણે આંખોમાં સોજા, ઝાંખુ દેખાવુ, આંખો ખેંચાવી, ચશ્માના નંબર વધારે હોવા..એમ વગેરે જેવી સમસ્યાઓ થતી હોય છે. આ માટે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. આમ, તમને પણ આંખોને લગતી આ સમસ્યાઓ થાય છે તો આ જ્યૂસ તમારા માટે બેસ્ટ છે. સંતરામાંથી બનાવવામાં આવતો આ જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો આંખોની રોશની વધે છે અને સાથે હેલ્થને પણ અનેક ઘણો ફાયદો થાય છે. તો જાણો આ વિશે તમે પણ વધુમાં અને આ જ્યૂસ બનાવો. તમારી આંખો નબળી છે તો તમે સૌથી પહેલા આ જ્યૂસ બનાવો અને પીવાનું શરૂ કરી દો. આ જ્યૂસ બનાવવા માટે સૌ પ્રથમ બેથી ત્રણ સંતરાની સ્લાઈસ, ગાજરની સ્લાઈસ, એક ચમચી મધ અને કોબીજ મિક્સ કરીને ગ્રાઈન્ડરમાં નાખીને પીસી લો. હવે તમે એક ગ્લાસ પાણીમાં આ પેસ્ટ નાખો અને મિક્સ કરો. પછી આ જ્યૂસ થોડો-થોડો કરીને પીઓ. આ જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો આંખોની રોશની વધે છે. આંખોને લગતી કોઈ પણ તકલીફને દૂર કરવા માટે આ જ્યૂસ સૌથી બેસ્ટ છે. આ જ્યૂસ પીવાથી શરીરમાં સ્ટેમિના પણ બની રહે છે. તમારા ઘરમાં કોઈને ચશ્માના નંબર વધારે છે તો તમે આ જ્યૂસ પીવડાવવાનું શરૂ કરી દો. આ જ્યૂસ પીવાથી સ્કિન પણ સારી થાય છે. સ્કિનને લગતી કોઈ સમસ્યા છે તો તમે આ જ્યૂસ પીવાનું શરૂ કરી દો. આ જ્યૂસ તમે રેગ્યુલર બાળકોને પણ પીવડાવી શકો છો. આ જ્યૂસ તમે દરરોજ સવારમાં પીઓ છો તો ફાયદો થાય છે. સંતરામાંથી બનેલો આ જ્યૂસ તમારી ઈમ્યુનિટી સિસ્ટમ પણ સ્ટ્રોંગ કરે છે. આ જ્યૂસ મોટી ઉંમરના લોકોને પણ તમે પીવડાવી શકો છો. આ સાથે તમે એક્સેસાઈઝ પણ કરી શકો છો. એક્સેસાઈઝ તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. એક્સેસાઈઝ માટે તમે એક્સપર્ટની સલાહ લઈ શકો છો.

## તુલસીએ આપી લાખોની કમાણી, ખેડૂતને ઔષધીય ખેતી ફળી

ઉત્તર પ્રદેશના ખેડૂતે ઔષધીય ખેતી દ્વારા પોતાનું નસીબ બદલી નાખ્યું છે. ખેડૂત રાજેશ વર્માએ માત્ર અડધા વીઘા તુલસાની ખેતીથી શરૂઆત કર્યા બાદ લગભગ ૪ વીઘામાં તુલસાની ખેતી કરીને સારો નફો મેળવ્યો હતો અને એક પાક પર ૨ લાખ રૂપિયા સુધીનો નફો મેળવ્યો હતો. બારાબંકી જિલ્લામાં આજે ખેડૂતો ખેતીની પરંપરાગત પદ્ધતિઓને છોડીને આધુનિક અને ઔદ્યોગિક ખેતી કરી રહ્યા છે, જ્યારે બારાબંકીના ખેડૂતો પરંપરાગત ખેતી સિવાય ઔષધીય તુલસીની ખેતી કરીને સારો નફો કમાઈ રહ્યા છે અને તેમાં વધુ ખર્ચ પણ થતો ન હોવાની વાત સામે આવી છે. બારાબંકી જિલ્લાના તહેસીલ ફતેહપુર વિસ્તારના બંભનપુરવા ગામના ખેડૂત રાજેશ વર્માએ ઔષધીય ખેતી દ્વારા પોતાનું નસીબ બદલી નાખ્યું છે. ખેડૂત રાજેશ વર્માએ માત્ર અડધા વીઘા તુલસાની ખેતીથી શરૂઆત કર્યા બાદ લગભગ ૪ વીઘામાં તુલસાની ખેતી કરીને સારો નફો મેળવ્યો હતો અને એક પાક પર ૨ લાખ રૂપિયા સુધીનો નફો મેળવ્યો હતો. તુલસીની દવાઓની ખેતી કરી રહેલા ખેડૂત રાજેશ વર્માએ જણાવ્યું કે, આ અગાઉ પરંપરાગત ખેતીમાં વધુ નફો ન મળવાને કારણે અમે ખૂબ જ પરેશાન હતા. આ બાદ અમને સી મેપ વિશે ખબર પડી અને અમે સી મેપ લોકેશનને કનેક્ટ કર્યું હતું.

## સવારે પાણી પીવાના થાય છે અઢળક ફાયદા

આપણે જયારે સવારે ઉઠીએ છીએ, ત્યારે આપણા પેટમાં એટલે કે આપણી હોજરીમાં આખી રાત્રી નું એસિડ ખૂબ જ માત્રામાં એકઠું થયેલું હોય છે. પેટમાં એકઠા થયેલા એસિડ ને નાબૂદ કરવા માટે પાણી પીવું જોઈએ. વાસી મોઢે એટલે સવારે ઉતાવળ કર્યા વગર કંઈપણ ખાધા વગર સીધું પાણી પીવાનું અને જો પાણી થોડું હૂંફાળું હોય તો સોનામાં સુહાગ ભળે, પણ જરૂરી નથી કે ગરમ પાણી જ પીવું. તમે સાદું પાણી પણ પી શકો છો. સૌથી પહેલાં તો આ પાણીને ઉભા ઉભા તો બિલકુલ નથી પીવાનું. આના માટે સૌથી શ્રેષ્ઠ મુદ્રા છે આપણે ઘૂંટણ પર બેસીને ધીરે ધીરે પીણી પીવો.... તેનાથી ફાયદો થશે કે આપણને ભવિષ્યમાં ક્યારેય ઘૂંટણને લગતી કોઈપણ સમસ્યા નહીં થાય. જેનાથી તમારી આંખોની રોશની વધે, વાળ ખરવાનું બંધ થઈ જશે. આ સિવાય અન્ય ૧૦ મોટા ફાયદા થશે. જેમાં ખાટા ઓડકારથી રાહત, શરીરને ત્વરિત ઊર્જા મળવી, કિડનીની સ્વસ્થતા, સાંધાનો દુખાવો મટવો, ત્વચા પર ચમક, ખરતા વાળ અટકવા, વજન ઓછું થવું, પેશાબમાં બળતરા દૂર થવી, રોગપ્રતિકારક શક્તિમાં વધારો, મગજ વધુ સતેજ જેવા અનેક ફાયદા થાય છે. વજન ઘટાડવા હળવુ ઠંડુ પાણી પીવાથી ચયાપચયની ક્રિયામાં વધારો થાય છે. કિડનીની કાર્યક્ષમતા વધે છે કિડની દિવસ દરમિયાન લોહી ને સાફ કરતુ રહે છે.

## આટલું કરશો તો મગફળી નહીં બગડે, બાકી નક્કી નહીં



એક તરફ ખેડૂતો મોટા પ્રમાણમાં ચોમાસુ મગફળીનું વાવેતર કરી ચૂક્યા છે. ભારે વરસાદના કારણે મગફળીનો પાક પીળો પડવાની સંભાવના હોય છે. કૃષિ નિષ્ણાંતની સલાહ અનુસરવાથી મગફળીના પાકને થતા આ નુકસાનથી બચાવી શકાય છે. જૂનાગઢઃ હાલમાં જુનાગઢ સહિત સમગ્ર રાજ્યમાં ભારે વરસાદ પડ્યો છે. ભારે વરસાદથી ખેડૂતોને પોતાનો પાક બગડે તેવી પણ દહેશત વ્યક્ત થઈ રહી છે. હાલમાં જિલ્લામાં મોટાભાગે મગફળીનું વાવેતર થયું છે. ત્યારે ભારે વરસાદથી મગફળીનો પાક પીળો થઈ જતો હોય છે. આ બગડતી મગફળીને અટકાવવા માટે કઈ પ્રકારનો પ્રયાસ કરી શકાય તેની વિસ્તૃત માહિતી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડો. આર.બી. માદરીયા એ આપી હતી.

ખેડૂતોના ખેતરમાં ભારે વરસાદ પડે અને મગફળી પડવાની શરૂઆત થઈ ગઈ હોય તો વરસાદ રહી ગયા બાદ અને પાણી ઓસરી ગયા બાદ ખેડૂતોએ એક પંપમાં હીરાકસી એટલે કે ફેરસ સલ્ફેટ અને લીંબુના ફૂલ મિક્સ કરવાના રહે છે. જેમાં હીરાકસીનું પ્રમાણ ૧૦૦ ગ્રામ અને લીંબુના ફૂલનું પ્રમાણ ૧૦ ગ્રામ રાખવાનું રહેશે. પંપમાં આ મિશ્રણ કરી અને તેને મગફળીના પાકમાં છંટકાવ કરવાનો રહે છે. મગફળી મૂડમાં રાઈઝોબીયમની ગાંઠ બંધાવાની બંધ થઈ જવી એ તેના પીળા પડવાનું મુખ્ય કારણ છે. ભારે વરસાદને પગલે આ પ્રક્રિયા પૂર્ણ થઈ જાય છે. આ બંધ થઈ ગયેલી પ્રક્રિયાને દેશી ભાષામાં વનસ્પતિનું રસોડું બંધ થઈ ગયું તેવું પણ કહી શકાય છે. જેથી તેને ફરીથી પાકને સારો કરવા માટે અને પીળાશ અટકાવવા માટે દવાનો છંટકાવ કરી આ પ્રક્રિયા ફરી શરૂ કરવી જરૂરી બને છે. જો થોડું મોડું વાવેતર કરવામાં આવે તો પણ ખેડૂતોને પાકમાં ફાયદો થઈ શકે છે આ વિશે ડૉ. આર બી માદરીયાએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં જ્યારે વરસાદનું જોર હોય છે ત્યારે વધુ પડતો વરસાદ પડી જતો હોય છે. સૌપ્રથમ પહેલો વરસાદ પડ્યા બાદ જો થોડું મોડું વાવેતર કરવામાં આવે તો ખેડૂતોને પાકમાં ફાયદો થઈ શકે છે. કારણ કે પાછોતરા વરસાદથી વધુ પડતું નુકસાન મગફળીના પાકને થતુ નથી. આ સાથે જો ખેડૂતો ષ્ઠ ૮૩૨ જેને ખેડૂતો બીટી ૩૨ તરીકે પણ ઓળખે છે. તેનું વાવેતર કરવાથી પણ ખેડૂતોને સારો એવો ફાયદો મળી રહે છે. ઘેડ વિસ્તારમાં મગફળી સહિતના પાક અનુકૂળ આવતા નથી. કારણ કે ત્યાં વરસાદના ચાર માસ સુધી સતત પાણી ભરાયેલું રહે છે.

## ખરતાં કે ધોળા થતા વાળ માટે આયુર્વેદનો ચમત્કાર! ઘરે બેઠા બનાવો ઔષધ

ફાસ્ટફૂડ અને તળેલા-મરચા મસાલાયુક્ત આહારને કારણે શરીરના અનેક અવયવોનો વિકાસ રૂંધાય છે. ખાસ કરીને તેની અસર સ્કીન અને વાળ પર તુરંત જ દેખાય છે. જોકે, સદનસીબે વાળના વિકાસ માટે આયુર્વેદિક ટિપ્સ કામમાં આવી શકે છે. આજની અત્યાધુનિક લાઈફમાં માનવ શરીરનું સંભાળ રાખવામાં દરેક વ્યક્તિ ક્યાંકને ક્યાંક થાપ ખાઈ જાય છે. ફાસ્ટફૂડ અને તળેલા-મરચા મસાલાયુક્ય આહારને કારણે શરીરના અનેક અંગો-અવયવોનો વિકાસ રૂંધાય છે. ખાસ કરીને તેની અસર તમારી સ્કીન અને વાળ પર તુરંત જ દેખાય છે. જોકે, સદનસીબે વાળના વિકાસ માટે આયુર્વેદિક ટિપ્સ કામમાં આવી શકે છે. ભૃંગરાજ જાણીતી આયુર્વેદિક ઔષધિ છે. ભૃંગરાજનો અર્થ થાય છે ‘‘ઔષધિઓનો રાજા.’’ તે માથામાં ટાલ પડતી અટકાવે છે. વાળને પાતળા કરવામાં મદદ કરે છે. આ અકસીર ઉપાય માટે મુઠ્ઠીભર ભૃંગરાજના પાન અથવા ૫-૬ ચમચી સૂકો પાવડર જોઈશે. આ પાંદડા અથવા પાઉડરને થોડા પાણી સાથે બ્લેન્ડ કરો. પેસ્ટને તમારા વાળના



મૂળિયામાં લગાવો અને ૨૦ મિનિટ માટે રહેવા દો. ત્યારબાદ શેમ્પૂ વડે ધોઈ લો.

તમે ભૃંગરાજનો ઉપયોગ આમળા અને તુલસી સાથે પણ કરી શકો છો. વાળના ગ્રોથ માટે ભૃંગરાજ તેલથી અઠવાડિયામાં ત્રણ વખત માથાની ચામડી પર માલિશ કરો. આમળાનો ઉપયોગ માત્ર વાળ ખરતા રોકે છે. આમળા ખોડો દૂર કરે છે. ખોપરી ઉપરની ચામડીના સ્વાસ્થ્યને સુધારે છે. ૫-૬ ચમચી આમળાનો પાવડર અને ૫-૬ ચમચી પાણી ભેગું કરીને એક બાઉલમાં પેસ્ટ બનાવો. આ પેસ્ટને વાળમાં લગાવી ૩૦ મિનિટ સુધી રાખી બાદમાં શેમ્પૂથી ધોઈ લો. અઠવાડિયામાં ત્રણ વાર આ પ્રક્રિયા કરી શકો છો.

લીમડાનો ઉપયોગ ત્વચાની સંભાળ અને વાળ ખરવાના ઉપચાર તરીકે કરવામાં આવે છે. માથાની ચામડી પર લીમડાનો નિયમિત ઉપયોગ રક્ત પરિભ્રમણને સુધારે છે. આ આયુર્વેદિક ઉપચારમાં લીમડાના પાનને પાણીમાં ૧૫ મિનિટ સુધી ઉકાળો અને પછી તેને ઠંડા થવા માટે બાજુ પર રાખો. પાણી ઠંડુ થઈ જાય તો તેને ગાળી લો. એક જગમાં લીમડાનું પાણી ભેગું કરો. અઠવાડિયામાં ત્રણ-ચાર વાર તમારા વાળને ધોઈને કન્ડિશન કરો અને અંતિમ વોશમાં લીમડાનું પાણી રેડો.

તમારા વાળના ગ્રોથ માટે અશ્વગંધા એક અદ્વભુત જડીબુટી છે. તે ખરતા વાળ અટકાવવામાં મદદ કરે છે. કોર્ટિસોલ હોર્મોન વાળ ખરવાનું કારણ હોય છે અને તે વાળના ગ્રોથને ધીમો પાડે છે. અશ્વગંધાના ઉપયોગથી કોર્ટિસોલનું સ્તર નિયંત્રિત થઈ જાય છે. તે એન્ટીઑકિસડન્ટની ગતિવિધિને પણ વધારે છે. સ્કેલ્પ સર્કુલેશનમાં મદદ કરે છે. ડેન્ડ્રફની સમસ્યા પણ દુર કરે છે.

BOLLYWOOD NEWS FLASH

**જન્નતના ૪૬ મિલિયન ફોલોઅર્સ છે અને અન્ય પ્લેટફોર્મ પર લાખો ફોલોઅર્સ છે, ફુલવા સિરિયલ બાદ તે ઘણી ફિલ્મોમાં પણ જોવા મળી છે**



## મોટા સુપરસ્ટારથી ઓછી નથી જન્નત ઝુબૈરની કમાણી


। મુંબઈ, તા.૩૦ ।

સોશિયલ મીડિયા ક્વીન અને લોકપ્રિય ટીવી અભિનેત્રી જન્નત ઝુબૈર કોઈ પરિચયની જરૂર નથી. જન્નત હવે ૨૨ વર્ષની છે. જન્નત ઝુબૈર પોતાનો જન્મદિવસ ઉજવી રહી છે. આ ખાસ અવસર પર આજે અમે તેના ફેન્સને આ સ્ટોરીમાં જણાવીશું કે જન્નત ઝુબૈરની કમાણી કોઈ મોટા સુપરસ્ટારથી ઓછી નથી. અભિનેત્રી તેની માત્ર એક ઈન્સ્ટા પોસ્ટથી લાખો રૂપિયા કમાય છે. જન્નત ઝુબૈરના ચાહકોની સંખ્યા કરોડોમાં છે, તેની કારકિર્દી ખૂબ જ નાની ઉંમરમાં શરૂ થઈ હતી. તેણે સોશિયલ મીડિયાની દુનિયામાં પણ પોતાનો મજબૂત ફેનબેસ બનાવ્યો છે. સોશિયલ મીડિયા સ્ટાર હોવા ઉપરાંત તેણે ટીવીમાં પણ ઘણું નામ કમાવ્યું છે. ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સની વાત કરીએ તો, જન્નતના ૪૬ મિલિયન ફોલોઅર્સ છે અને અન્ય પ્લેટફોર્મ પર લાખો ફોલોઅર્સ છે. ફુલવા સિરિયલ બાદ તે ઘણી ફિલ્મોમાં પણ જોવા મળી છે. તેની શરૂઆતની કારકિર્દી વિશે વાત કરીએ તો, જન્નતે ૯ વર્ષની ઉંમરે મેડિકલ રોમાન્સ દિલ મિલ ગયેથી કરી હતી. ભલે તેમાં તેનો રોલ એક એપિસોડનો હતો, પરંતુ તે પછી તે ઘણા શોમાં પણ જોવા મળી. એક રિપોર્ટ અનુસાર, જન્નત ઝુબૈર માત્ર ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરીને ૧.૫૦ લાખ રૂપિયા સુધીની કમાણી કરે છે. આ ૨૨ વર્ષની અભિનેત્રીની કુલ સંપત્તિ ૨૫ કરોડ રૂપિયા છે. રિપોર્ટ્સ અનુસાર, જન્નત ઝુબૈર દર મહિને ૨૫ લાખ રૂપિયાથી વધુની કમાણી કરે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. આ જ કારણ છે કે તેના ફેન્સ હંમેશા જોડાયેલા રહે છે. જન્મદિવસના અવસર પર જન્નતે ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરી છે. જેના પર ચાહકો ભરપૂર પ્રેમ વરસાવી રહ્યા છે.

## કુશા કપિલાએ ગ્રીન ડ્રેસમાં ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર

। મુંબઈ, તા.૩૦ ।

કુશા કપિલા છેલ્લા ઘણા દિવસોથી અભિનેતા અર્જુન કપૂર સાથેના અફેરને લઈ ચર્ચામાં છે. અભિનેત્રી હાલમાં જ મુંબઈમાં જોવા મળી હતી. જ્યાં તે ખૂબ જ ગ્લેમરસ લુકમાં જોવા મળી હતી. કુશા કપિલાને તાજેતરમાં મુંબઈમાં પાપારાઝી દ્વારા કેમેરામાં કેદ કરવામાં આવી હતી. એક્ટ્રેસ ગ્રીન બોડીકોન ડ્રેસમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. આ આઉટફિટમાં કુશાએ પાપારાઝીને ઘણા આકર્ષક પોઝ આપ્યા અને તેના પરફેક્ટ ફિગરને ફ્લોન્ટ કર્યું. કુશાનો બોડીકોન ડ્રેસમાં કાતિલ અંદાજ જોવા મળ્યો




હતો. આ તસવીરોએ અભિનેત્રીના ચાહકોને દિવાના બનાવી દીધા છે. તમને જણાવી દઈએ કે કુશા છેલ્લા ઘણા દિવસોથી અર્જુન કપૂર સાથે ડેટિંગના સમાચારોને લઈને ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા કુશા અર્જુન સાથે એક પાર્ટીમાં જોવા મળી હતી. જ્યાંથી તેમના અફેરના સમાચાર સામે આવ્યા હતા. જો કે, કુશાએ હવે આ અહેવાલો પર પ્રતિક્રિયા આપી છે. આ સમાચાર પર મૌન તોડતા અભિનેત્રીએ તેને અફવા ગણાવી છે. આ તસવીરોએ અભિનેત્રીના ચાહકોને દિવાના બનાવી દીધા છે. તમને જણાવી દઈએ કે કુશા છેલ્લા ઘણા દિવસોથી અર્જુન કપૂર સાથે ડેટિંગના સમાચારોને લઈને ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા કુશા અર્જુન સાથે એક પાર્ટીમાં જોવા મળી હતી. જ્યાંથી તેમના અફેરના સમાચાર સામે આવ્યા હતા. જો કે, કુશાએ હવે આ અહેવાલો પર પ્રતિક્રિયા આપી છે. આ સમાચાર પર મૌન તોડતા અભિનેત્રીએ તેને અફવા ગણાવી છે.

**આ વર્ષે ફેબ્રુઆરીમાં નાઓમિકા સરનની ગ્રેજ્યુએશન સેરેમની હતી, આ ફંક્શનમાં તેની નાની ડિંપલ કાપડિયા પણ હાજર રહી હતી**

## અક્ષય કુમારની ભત્રીજી છે હિરોઇન જેવી ખૂબસૂરત

। મુંબઈ, તા.૩૦ ।

અક્ષય કુમારની પત્ની ટ્વિંકલ ખન્નાની નાની બહેન રિંકી ખન્નાએ પણ ફિલ્મોમાં પોતાનું નસીબ અજમાવ્યું હતું, પરંતુ આ બંને બહેનો સ્ટારડમના મામલો પોતાના માતા-પિતાની આસપાસ પણ ન પહોંચી શકી. ફિલ્મોમાં ફ્લોપ સાબિત થયા બાદ એક્ટ્રેસ રિંકી ખન્નાએ વર્ષ ૨૦૦૩માં બિઝનેસમેન સમીર સરન સાથે લગ્ન કરી લીધાં હતાં. લગ્ન બાદ તેણે ફિલ્મો કરવાનું છોડી દીધું. આ કપલની એક દીકરી- નાઓમિકા સરન છે. નાઓમિકા સરન પોતાની મા રિંકી ખન્નાની જેમ જ લાઈમલાઈટથી દૂર રહે છે. પરંતુ ખૂબસૂરતીના મામલે આ સ્ટારકિડ મોટી-મોટી એક્ટ્રેસીસને પણ ટક્કર આપી શકે છે. ૧૯ વર્ષીય નાઓમિકા સરન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે. આ સ્ટારકિડના ફોટોઝ જોઈને સોશિયલ મીડિયા યુઝર્સને ઘણીવાર ડિંપલ કાપડિયાની યાદ આવી જાય છે. સોશિયલ મીડિયા પર ઘણીવાર ડિંપલ અને નાઓમિકાના ફોટોઝ ચર્ચાનો વિષય બને છે. ખરેખર, નાઓમિકાની આંખ અને સ્માઈલ બિલકૂલ નાની ડિંપલ જેવી છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં નાઓમિકા સરનની ગ્રેજ્યુએશન સેરેમની હતી. આ ફંક્શનમાં તેની નાની ડિંપલ કાપડિયા પણ હાજર રહી હતી. સ્ટારકિડની સોશિયલ મીડિયા પોસ્ટ જોતા લાગે છે કે તે પોતાની નાનીની ખૂબ જ નજીક છે. તેના આ ફોટોઝ પર માસી ટ્વિંકલ ખન્નાએ પણ ખૂબ પ્રેમ લૂંટાવ્યો હતો.



**સ્વરા પોતાની પ્રેગનેન્સી એન્જોય કરી રહી છે અને ઘણીવાર સોશિયલ મીડિયા પર ફોટોઝ અને વીડિયોઝ શેર કરતી રહે છે**

## અભિનેત્રી સ્વરા ભાસ્કરે કરાવ્યું બોલ્ડ મેટરનિટી ફોટોશૂટ

। મુંબઈ, તા.૩૦ ।

સ્વરા ભાસ્કરના લગ્ન ઘણા ચર્ચામાં રહ્યાં હતાં. લગ્નના ૪ મહિના બાદ ૬ જૂને સ્વરાએ પોતાની પ્રેગનેન્સી અનાઉન્સ કરી હતી. તેણે પતિ ફહાદ સાથે ફોટો શેર કરતાં લખ્યું હતું, ક્યારેક ક્યારેક દરેક દુઆ કબૂલ થઈ જાય છે. નવી સફરમાં ડગલું ભરવા માટે ઉત્સાહિત છું. સ્વરા પોતાની પ્રેગનેન્સી એન્જોય કરી રહી છે અને ઘણીવાર સોશિયલ મીડિયા પર ફોટોઝ અને વીડિયોઝ શેર કરતી રહે છે. હાલમાં જ તેણે પતિ ફહાદ સાથે મેટરનિટી ફોટોશૂટ કરાવ્યું. તેમાં તેણે ફ્લોરલ ગાઉન કેરી કર્યુ અને ફહાદે સિંપલ શર્ટ ટ્રાઉઝર પહેર્યુ હતું. ફોટોઝમાં સ્વરા બેબી બંપ ફ્લોન્ટ કરતાં જોવા મળી રહી છે. સ્વરાએ સોશિયલ એકાઉન્ટ પર જે ફોટોઝ શેર



કર્યા છે, તેની સાથે સ્વરાએ ખાસ પોસ્ટ પણ શેર કરી છે. સ્વરાએ લખ્યું, ઘણીવાર તમને જીવન આશા કરતાં વધુ આશીર્વાદ આપે છે. સાથે જ એવી યાત્રાનો અનુભવ કરાવે છે. જ્યાં તમે પોતાને અને એકબીજાને સમજવાનો મોકો આપે છે. સ્વરાએ આગળ લખ્યું, અમારી જિંદગીની આ ખૂબસૂરત પળ સાધારણ રીતે કેપ્ચર કરવામાં આવી. આ ઈમાનદારી ભર્યુ અને આરામદાયક હતું. સ્વરા અને ફહાદ એક ફોટોમાં છત્રી નીચે રોમેન્ટિક પોઝ આપતા જોવા મળી રહ્યાં છે અને આ ફોટો લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. સ્વરા ભાસ્કરનો જન્મ ૯ એપ્રિલ ૧૯૮૮ના રોજ થયો હતો. ૩૫ વર્ષની સ્વરાએ પોતાના મિત્ર ફહાદ અહેમદ સાથે કોર્ટ મેરેજ કર્યા બાદ બધાને ગુડ ન્યૂઝ આપી હતી. તે બાદ તેણે દિલ્હી અને લખનઉમાં મેરેજ રિસેપ્શન આપ્યું હતું. સ્વરાના ફોટોઝ ત્યારે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયા હતાં. સ્વરા સોશિયલ મીડિયા પર ઘણીવાર બેબી આવવાવી તૈયારીઓને લઈને ફોટોઝ શેર કરતી રહે છે. તે અને ફહાદ આજકાલ બેબીને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. જણાવી દઈએ કે બંને સપ્ટેમ્બરમાં નાનકડા મહેમાનનું સ્વાગત કરશે. ૩૫ વર્ષની સ્વરાએ પોતાના મિત્ર ફહાદ અહેમદ સાથે કોર્ટ મેરેજ કર્યા બાદ બધાને ગુડ ન્યૂઝ આપી હતી. તે બાદ તેણે દિલ્હી અને લખનઉમાં મેરેજ રિસેપ્શન આપ્યું હતું. સ્વરાના ફોટોઝ ત્યારે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયા હતાં. સ્વરા સોશિયલ મીડિયા પર ઘણીવાર બેબી આવવાવી તૈયારીઓને લઈને ફોટોઝ શેર કરતી રહે છે. તે અને ફહાદ આજકાલ બેબીને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. જણાવી દઈએ કે બંને સપ્ટેમ્બરમાં નાનકડા મહેમાનનું સ્વાગત કરશે.

# ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગના ટીમવર્કના સાથી અશોક મુનિયાએ આદિવાસી સમાજનું ગૌરવ વધારતા સન્માન કરાયું



**। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૦ ।**

ગરાડું ગામનું નામ રોશન કરનાર એવાં ઈસરોના વિજ્ઞાનિક સાથે ટીમવર્ક સાથે જોડાઈ અશોક પરષોત્તમ મુનિયાનું ચંદ્રયાન - ૩ની કામયાબીની ખુશીમાં આજ રોજ ગરાડુ મુ.પ્રા.શાળા અને સરકારી માધ્યમિક શાળા ગરાડુંમાં દાહોદ જિલ્લા. પ્રા.શિક્ષણાધિકારી એન. ડી મુનિયા, ઝાલોદ બી.આર.સી. કલ્પેશકુમાર ડી. મુનિયા અને શાળાના આચાર્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. જેમાં ખુબ જ મોટા પ્રમાણમાં ગ્રામજનોએ હાજરી આપી. ઝાલોદ તાલુકો પછાત ગણવામાં આવે છે અને આવા ગામમાં થી શિક્ષણ લઈ પોતાની આગવી ઓળખ ઉભી કરનાર અશોક મુનિયા પર સમગ્ર આદિવાસી સમાજ ગર્વ અનુભવ કરી રહેલ છે. મિશન ચંદ્રયાન ૩ ને સફળતાપૂર્વક ચંદ્ર પર મોકલવામાં મહત્વનો ફાળો છે એવા કર્મભૂમિ ગરાડુના વતની અશોક પરષોત્તમ મુનિયાનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

# કાંકરેજ તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતો પશુપાલકોમાં દહેશતની લાગણી ફેલાઈ

**। યશપાલસિંહ ટી. વાઘેલા**
**થરા, તા.૩૦ ।**

ચાલુ વર્ષે કાંકરેજ તાલુકામાં બનાસકાંઠા પાટણ જિલ્લાના અન્ય તાલુકા કરતાં વરસાદ ઓછો છે છતાં વરસાદ થશે તેવી આશાએ ખેડૂતોએ દિવેલા, કઠોળ, બાજરી સહિત અન્ય પાકનું વાવેતર કર્યુ હતુ. પરંતુ છેલ્લા ૧૫ દિવસ કરતા વધારે સમયથી કાંકરેજ તાલુકાના ખેડૂતોને વરસાદ હાથતાળી આપી રહ્યો હોવાથી ખેડૂતો વરસાદ વગર ચિંતિત બન્યા છે. આમ આગામી પાંચ દિવસમાં વરસાદ નહી આવે તો ખેડૂતોએ વાવેલ તમામ પાક સંકટમાં આવી જશે તેવી દહેશત હાલ દેખાઈ રહી છે. કાંકરેજ પંથકમાં ચાલુ વર્ષે શરૂમાં બિપોરજોય વાવાઝોડાની અસર પછી મેઘરાજાએ એન્ટ્રી કરતાની સાથે ખેડૂતોએ મોઘાદાટ બિયારણો લાવી મહામહેનત સાથે મોટા પ્રમાણમાં કઠોળ, જુવાર, બાજરી, એરંડા દિવેલા કપાસ સહિત અન્ય ચોમાસુ પાકનું વાવેતર કર્યુ હતુ. વાવેતર બાદ કઠોળ સહિત અન્ય પાકો ખેતરમાં લહેરાતા ખેડૂતો હરખાયા હતા. પરંતુ ઓગસ્ટ મહિનામાં જેવો વરસાદ પડવો જોઈએ તેટલો વરસાદ ન પડતા કોરો ધાકોર પસાર થઈ જતાં હાલની પરિસ્થિતિએ ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. કાંકરેજ તાલુકાના ખેડૂતોએ મોટાપાયે મગ, મઠ, અડદ સહિત જુવારનું વાવેતર કર્યુ હતુ. જયારે મોટાપાયે બીટી કપાસ અને દિવેલાનુ વાવેતર કર્યુ છે. છેલ્લા ત્રીસેક દિવસ કરતા વધારે સમયથી ખેડૂતોને વરસાદ હાથતાળી આપી રહયો હોવાથી ખેડૂતોએ મેઘરાજાની કાગડોળે રાહ જોઈ રહયા છે. આગામી ૫ દિવસમાં વરસાદ નહીં આવે તો ખેડૂતોએ વાવેલ કઠોળ, દિવેલા, કપાસ સહિત જુવારના પાકને ભારે નુકસાન થવાની ભીતી પણ સેવાઈ રહી છે.

# રાજપીપળા જીલ્લા જેલમાં વિવિધ સંસ્થાની બહેનોએ બંદિવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ ઉજવ્યું



**। દીપક જગતાપ, રાજપીપળા તા.૩૦ ।**

રાજપીપળા જીલ્લા જેલમાં રક્ષાબંધન પર્વ ભારે ઉત્સાહ અને શ્રદ્ધા પૂર્વક ઉજવાયું હતું જેમાં વિવિધ સંસ્થાની બહેનોએ બંદિવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ ઉજવ્યુંહતું. જેમાં પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિદ્યાલય રાજપીપળા તથા પેન્શનર પરિવાર રાજપીપળાની બહેનો તેમજ બંદિવાન ભાઈઓની બહેનો દ્વારા તથા અન્ય સંસ્થાઓ દ્વારા પણ રાજપીપળા જીલ્લા જેલના બંદિવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. રાજપીપળા જીલ્લા જેલ ખાતે રહેલ બંદિવાનો પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી શકે તે હેતુસર રાજપીપળા જીલ્લા જેલના અધિક્ષક આર. બી.મકવાણાની રાહબરી હેઠળ આજ જિલ્લા જેલ ખાતે પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિદ્યાલય તથા પેન્શનર પરિવાર રાજપીપળાની બહેનો તેમજ બંદિવાન ભાઈઓની બહેનો દ્વારા રાજપીપળા જીલ્લા જેલના તમામ અધિકારી/કર્મચારી તેમજ તમામ બંદિવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે રાજપીપળા જીલ્લા જેલના બંદિવાનોએ અશ્રુભીની આંખો સાથે રાખડી બાંધનાર બહેનોને વચન આપેલ કે, જેલની બહાર નીકળીને ભવિષ્યમાં ગુનાહિત પ્રવૃતિ નહિં કરીશું.

### ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી

# ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ

**। મનિષ પટેલ - માહિતી ખાતુ, તા.૩૦ ।**

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિના આ પર્વની રાજ્યની બહેનો સાથે ઉજવણી કરી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, મહિલા ધારાસભ્યશ્રીઓ અને મહિલા પોલીસકર્મીઓ સહિત રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીશ્રીને રક્ષાસૂત્ર બાંધી દીર્ઘાયુના આશીર્વાદ અને પ્રજાના કલ્યાણકારી કામો માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉજવણી દરમિયાન મુખ્યમંત્રીશ્રી સમક્ષ અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં સ્થિત સાધના વિનય મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી G20 અને ચંદ્રયાન-૩ જેવા વિવિધ વિષયો દર્શાવતી ૩૨૫ ફૂટ લાંબી રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી. આશરે ૪૨ જેટલા વિદ્યાર્થીઓએ ૮ દિવસના સમયમા જ આશરે ૧૦૦ મીટર કાપડના ઉપયોગથી આ રાખડી બનાવી છે, જેમાં ભારત



અને ગુજરાતની અસ્મિતા, ભારતની G20ની અધ્યક્ષતા, ચંદ્રયાન-૩ની સફળતા જેવા વિવિધ વિકાસ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આશરે ૪૨ જેટલા વિદ્યાર્થીઓએ ૮ દિવસના સમયમા જ આશરે ૧૦૦ મીટર કાપડના ઉપયોગથી આ રાખડી બનાવી છે, જેમાં ભારત અને ગુજરાતની અસ્મિતા, ભારતની G20ની અધ્યક્ષતા, ચંદ્રયાન-૩ની સફળતા જેવા વિવિધ વિકાસ વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

# બ્રાઇટ સ્કૂલ ઝાલોદના ટીચર અને વિદ્યાર્થી બંને નેશનલ કરાટે ટુર્નામેન્ટમાં ભાગ લેશે

**। ઝાલોદ, તા.૩૦ ।**

આવતા મહિના તારીખ ૩ સપ્ટેમ્બર ના રોજ મુંબઈ ખાતે એક નેશનલ કરાટે પ્રતિયોગિતાનો આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઝાલોદના બ્રાઈટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમા કરાટે તાલીમ આપતા સંસય ઉમેશ મહાવર બ્લેક બેલ્ટ ઈવેન્ટમાં અને તેમની પાસે તાલીમ લેતા બ્રાઈટ સ્કૂલમાં અભ્યાસ કરતા રિયાન નાયર આ બંને ટીચર અને સ્ટુડન્ટ તારીખ ૨ સપ્ટેમ્બર જમ્બૂતવી થી ગુજરાત,



રાજસ્થાન, મધ્યપ્રદેશ વાડો ઈન્ટરનેશનલ કરાટે ચીફ ટેકનીકલ ડાયરેક્ટર દાહોદના સૈયદ હાસમી ડો. નિઝામુદીન કાઝી સાથે મુંબઈ જવા રવાના થશે અને ગુજરાત અને દાહોદનો નામ રોશન કરી મેડલ જીતાવે એવી શુભકામનાઓ

# ખાનગી બી.એડ કોલેજોમાં ખોટી રીતે ડિગ્રી આપવાના કૌભાંડનો સ્ટિંગ કરી આમ આદમી પાર્ટી શિક્ષણ સેલ દ્વારા વધુ એક કૌભાંડનો પરદાફાર્ષ કરવામાં આવ્યો

આપ ના ફ્ન્ટલ પ્રમુખ પ્રવીણ રામ એ કહ્યું કે આપ' એજ્યુકેશન સેલ દ્વારા પાર્થ બીએડ કોલેજ (વેજલપુર), શારદા બીએડ. કોલેજ (પાનસર), એસ એન પટેલ બીએડ કોલેજ (શાહીબાગ સિવિલ)નું સ્ટિંગ ઓપરેશન કરવામાં આવ્યું.આ કોલેજોના હોદ્દેદારોએ જ કહ્યું કે "આપ એડમિશન લઈ લો, ત્યારબાદ આપને કોલેજ આવવાની જરૂર નથી અને આપને ડિગ્રી મળી જશે." કોલેજના મોટાભાગના ટ્રસ્ટીઓ સરકારના મળતીયા છે.ફક્ત એડમિશનના આધારે ડિગ્રી આપી દેવી, એ વાત યોગ્ય નથી. કારણ કે આનાથી ગુજરાતના બાળકોનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. જે લોકોને ખોટી ડિગ્રી આપવામાં આવી હોય તેમની ડિગ્રીને રદ કરવામાં આવે અને આના માટે સરકાર દ્વારા એક SITની રચના કરવામાં આવે.બીજી અમારી માંગણી એ છે કે, જ્ઞાન સહાયકની નોકરી માટે ટેટ ટાટ પાસ કરવું ફરજિયાત હોય તો પ્રાઈવેટમાં પણ ટેટ ટાટ પાસ કરનારને જ નોકરી મળવી જોઈએ. જો TAT TET પ્રાઈવેટમાં ફરજિયાત નથી તો જ્ઞાન સહાયકની કોન્ટ્રાક્ટ નોકરીમાં શા માટે ફરજિયાત છે. આમ આદમી પાર્ટીના એજ્યુકેશન સેલના પ્રદેશ મંત્રી પ્રચેતાબેન પંડ્યાએ એક પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું કે, આજથી પાંચેક વર્ષ પહેલાં B. Ed 2 વર્ષનું કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રાઈવેટ શાળામાં યુવાઓને નોકરીઓ આપવાનું શરૂ થયું. પછી એમને કહેવામાં આવ્યું કે તમે પહેલા બી.એડ કે પીટીસી પૂરું કરો. એટલા માટે એ લોકોએ કોલેજોની જાણકારી મેળવવાનું શરૂ કર્યું. ત્યારબાદ એવો પ્રશ્ન ઉભો થયો કે કોલેજ કરતાની સાથે જો કોઈ નોકરી કરી રહ્યું છે તો તેને કોલેજ આવવા માંથી મુક્તિ મળશે. અને જે બી એડ કોલેજો અત્યાર સુધી બંધ થવાને હારે આવી હતી એ ચાલુ થવાની જગ્યાએ ઘણી બધી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરૂ થઈ ગઈ.

**અહીંયા માત્ર ને માત્ર ડિગ્રીઓ વેચાય છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને જ અમે એક સ્ટિંગ ઓપરેશન કર્યું છે.**

સ્ટિંગ ઓપરેશનનો વિડીયો જાહેર કર્યા બાદ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ફ્રંટલ અધ્યક્ષ પ્રવિણ રામે મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું કે, ભાજપના રાજમાં શિક્ષણ ક્ષેત્રે અનેક કૌભાંડો ચાલી રહ્યા છે. થોડા સમય પહેલાં અમે એલેન, આકાશ અને બોથરાના સ્ટિંગ ઓપરેશન કર્યા હતા. ગુજરાતમાં અનેક જગ્યાએ ખોટી ડીગ્રીઓ અપાઈ રહી છે. માત્ર એડમિશન કરાવીને ડિગ્રી આપવાના કામ ચાલી રહ્યા છે.

# ઝાલોદ એસ.ટી ડેપો, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ તેમજ ડી.વાય.એસ.પી કચેરી ખાતે બ્રહ્માકુમારીઝના મીતાદીદી દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી

**। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૦ ।**

ઝાલોદ બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયના સંચાલિકા મીતાદીદી દ્વારા નગરના એસ.ટી ડેપો, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ તેમજ ડી.વાય.એસ.પી કચેરીએ પહોંચી રક્ષાબંધનના પવિત્ર દિવસની ઉજવણી કરી હતી. સહુ પ્રથમ તેઓએ નગરના એસ.ટી ડેપો ખાતે પહોંચી સહુ કર્મચારીઓ સાથે ત્યારબાદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના ડોક્ટર અને કર્મચારીઓ સાથે અને છેલ્લે ડી.વાય.એસ.પી કચેરીએ જઈ રક્ષા સૂત્ર બાંધી સહુનું મોઢું મીઠું કરાવ્યું હતું. મીતાદીદીએ દરેક જગ્યાએ જઈ ઈશ્વરીય સંદેશ આપતા કહ્યું હતું કે આપણે સહુ શીવબાબાના સંતાન છીએ. આપણે સહુએ જીવનમાં સદા સત્કાર્ય થકી સત્કર્મ કરતા રહેવું જોઈએ. કદી કોઈના વિશે ખોટું વિચારવું ન જોઈએ. આપણે સહુએ એક બીજા પ્રત્યે પ્રેમભાવ, સત્કાર તેમજ દયાભાવ રાખવો જોઈએ. આપણે સદા સારા વિચારો થકી જીવન જીવવું જોઈએ કદી પણ કોઈ પણ પરિસ્થિતિમાં નશીપાસ કે ઘબરાવુ જોઈએ નહીં. જીવનમાં ગમે તેવા સંજોગો હોય છતાય જીવનમાં નકારાત્મક વિચારો આવવા જોઈએ નહીં. આપણે



પોતે સારા બનીએ અને બીજાને પણ સારા સમજીએ, નિર્ગુણ વિચારો થકી કદી જીવન જીવાતુ નથી. જીવનનો સાચો ઉદ્દેશ સારા આચાર વિચાર અને સકારાત્મક વલણ થકી જ મોક્ષ મળી શકે છે. આવા ઘણા બધા ઉદાહરણો આપી જીવન જીવવાની સાચી પદ્ધતિ મીતાદીદીએ બતાવી હતી. છેલ્લે મીતાદીદીએ ડી.વાય.એસ.પી પટેલ, ઝાલોદ સી.પી.આઈ રાઠવા, પી.એસ.આઇ રાઠવા તેમજ સુખસરના પી.એસ. આઇ ભરવાડ તેમજ સહુ પોલિસ કર્મચારીઓ તેમજ અન્ય સ્ટાફને રક્ષા સૂત્ર બાંધી સહુને નગરના બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયની મુલાકાતે આવવા આમંત્રણ પણ આપવામાં આવેલ હતું.

# પશ્ચિમ રેલવે અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડાવશે

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં જન્માષ્ટમીના તહેવારને ધ્યાનમાં લઈને અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ખાસ ભાડા પર દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદાવાદ-ઓખા-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ (કુલ ૨ ટ્રીપ) ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-ઓખા સ્પેશિયલ ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૩ (બુધવાર) ના રોજ અમદાવાદથી રાત્રે ૨૩.૨૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે (ગુરુવારે) સવારે ૦૮.૨૦ કલાકે ઓખા પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૪ ઓખા-અમદાવાદ સ્પેશિયલ ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૩ (ગુરુવાર) ના રોજ ઓખાથી રાત્રે ૨૩:૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે (શુક્રવારે) ૦૮:૪૦ કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, ખંભાળિયા અને દ્વારકા સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૪૫૩/૫૪ માટેનું બુકિંગ ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૩થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીઓ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સંજેલીના નાળ ફળિયા વર્ગ પીછોડા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવી

**। ઝાલોદ, તા.૩૦ ।**

સંજેલી તાલુકામાં આવેલ નાળ ફળિયા વર્ગ પીછોડામાં હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની યાદમાં ઉજવાતા રાષ્ટ્રીય રમત ગમત દિવસની નાળ ફળિયા વર્ગ પીછોડા પ્રાથમિક શાળામાં ઉજવવામાં આવી હતી. શાળાના બાળકોએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો જેવી કે કબ્બડી, ખો ખો, હોકી જેવી રમતો રમાડવામાં આવી હતી અને તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આ. શિ. બારીઆ મહેન્દ્રભાઈએ રાષ્ટ્રીય રમત ગમત ઉજવણી વિશે બાળકોને રસપ્રદ માહિતી આપી હતી. એસ. જી. સંગાડા અને પી. એમ. સંગાડા દ્વારા શાળાના બાળકોને વિવિધ રમતો રમાડીને



બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય શ્રી જગદીશભાઈ કે. કામોલ દ્વારા રાષ્ટ્રીય રમતગમત દિવસની તમામ બાળકોને શુભેચ્છા વ્યક્ત કરી અને રમત ગમતમાં તમામ વિદ્યાર્થીઓ આગળ વધે એવી આશા વ્યક્ત કરી હતી...

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. પ્રવાસ કરવા માટે બહુ સારો દિવસ નથી. તમાર પરિણીત જીવનના શ્રેષ્ઠ દિવસની અનુભૂતિ તમે આજે કરશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટેન્શનનું કારણ બની શકે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારા ઘર ની નજીક ના કોઈ કહેશે કે આજે તમારી સાથે સમય વિતાવશે પરંતુ તમારી પાસે તેમના માટે સમય નહીં હોય.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. આજે તમે કોઈ સાથીદાર સાથે સાંજ વિતાવી શકો છો, જોકે અંત માં તમને એમ લાગશે કે તમે તેમની સાથે સમય બરબાદ કર્યો છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. કારકિર્દીને લગતા તમારા નિર્ણયો તમે જાતે જ લો અને તમને તેના લાભ મળશે. તમારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવા લોકો સાથે જોડાવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના ખાસ દિવસે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે, તેથી આજ થી જ તમારા કિંમતી સમય નો ઉપયોગ કરવા નું શીખો. કામમાં પરિસ્થિતિ તમારી તરફેણમાં હોય એવું જણાય છે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપ શો. એવી પૂરેપૂરી શક્યતા છે કે તમારી આસપાસના લોકો તમારા સંબધોમાં મતભેદ પાડવાની કોશિષ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. અચાનક આજે તમે કામથી વિરામ લેવાની શકો છો અને તમારા પરિવાર સાથે સમય પસાર કરી શકો છો. લગ્નજીવનમાં મુશ્કેલ તબક્કા બાદ આજનો દિવસ તમને થોડી રાહત પૂરી પાડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

### ભુવાએ ગામડાની ભોળી પ્રજાને છેતર્યાનું પણ જાણવા મળ્યું

# આણંદના ધોળીકૂઈ ગામના ભુવાનો વીડિયો વાયરલ

### ભુવાએ માતાજીના નામે જાહેરમાં દારૂ પીધો, દારૂની સાથે ચલમો અને સિગારેટનો દમ મારતા નજરે પડ્યા

। આણંદ, તા.૩૦ ।

દારૂબંધીના લીરા ઉડાવતા ભુવાનો વીડિયો વાયરલ થયો છે. આણંદના ધોળીકૂઈ ગામના ભુવાજીનો વીડિયો વાયરલ થયો છે. ભુવાએ માતાજીના નામે જાહેરમાં દારૂ પીધો હતો. દારૂની સાથે ચલમો અને સિગારેટનો દમ મારતા નજરે પડ્યા હતા. મેલડી માતાજીના મંદિરનો રવિ માતાજી નામના ભુવો ચર્ચામાં છે. જોકે, ભુવાનો વીડિયો વાયરલ થયા બાદ પણ પોલીસ નિષ્ક્રિય જોવા મળી રહી છે. આણંદ જિલ્લાના ધોળીકૂઈ ગામમાં એક ભુવાજીનો વીડિયો વાયરલ થયો છે. જેમાં ભુવો માતાજીના નામે જાહેરમાં દારૂની મહેફીલ માણતો જોવા મળી રહ્યો છે. દારૂની સાથે ચલમો અને સિગારેટનો દમ મારતા નજરે પડ્યો હતો. મેલડી માતાજીના મંદિરનો રવિ માતાજી નામના ભુવાએ ધાર્મિક કાર્યક્રમમાં સિગરેટના કસ માર્યા અને જાહેરમાં દારૂની આખી બોટલ ગટગટાવી ગયો હતો. ભુવાનો વીડિયો વાયરલ થયા બાદ પણ પોલીસ નિષ્ક્રિય જોવા મળી રહી છે, ત્યારે આ ભુવા સામે કાર્યવાહી ક્યારે થશે, તે જોવું રહ્યું. બીજી બાજુ, જાહેરમાં દારૂની આખી બોટલ ગટગટાવી જનાર ભુવાએ ગામડાની ભોળી પ્રજાને છેતર્યાનું પણ જાણવા મળી રહ્યું છે. નોંધનીય છે કે, વધુ એક ભુવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે. તે જોવું રહ્યું. બીજી બાજુ, જાહેરમાં દારૂની આખી બોટલ ગટગટાવી જનાર ભુવાએ ગામડાની ભોળી પ્રજાને છેતર્યાનું પણ જાણવા મળી રહ્યું છે. નોંધનીય છે કે, વધુ એક ભુવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે.

### ત્રણ વાહનોને લીધા અડફેટે

# ખેડામાં નશાની હાલતમાં કારચાલકે સર્જ્યો અકસ્માત

### લારી સહિત બે કારને અડફેટે લીધી હતી, જ્યારે કાર આયુર્વેદિક હોસ્પિટલ સામે ડિવાઇડર અને લાઈટના થાંભલા સાથે અથડાઈ હતી

। ખેડા, તા.૩૦ ।

નડિયાદના કોલેજ રોડ વિસ્તારમાં અકસ્માત સર્જાયો છે. અહીં કારચાલકે બેફામ કાર હંકારી ત્રણ વાહનોને અડફેટે લીધા હોવાની ઘટના બની છે. કારચાલક નશામાં હોવાનું જાણવા મળી રહ્યું છે, જ્યારે નશાની હાલતમાં બેફાન કાર ચલાવી અકસ્માત સર્જ્યો હોવાનું સામે આવ્યું છે. અકસ્માત કરનારની કારમાંથી દારૂની બોટલ પણ મળી આવી છે. ઓવર સ્પીડમાં ઓવરટેક કરતાં અકસ્માત સર્જાયો હતો. ભારે ચહલપ લવાળા વિસ્તારમાં આયુર્વેદિક હોસ્પિટલ સામે અકસ્માત સર્જાયો હતો. રવિ સિંઘે નામના આરોપીએ નશાની હાલતમાં બેફામ રીતે કાર ચલાવી લારી ચાલકને ઉછાડ્યો હતો. જ્યારે લારીચાલક ઈજાગ્રસ્ત થતાં તેને ૧૦૮ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. ત્રણ પૈડાવાળી લારી સહિત બે કારને અડફેટે લીધી હતી. જે બાદ કાર ડિવાઈડર અને લાઈટના થાંભલા સાથે અથડાઈ હતી. આયુર્વેદિક હોસ્પિટલ સામે નશાની હાલતમાં બેફામ કાર હંકારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત કરનારની કારમાંથી દારૂની બોટલ મળી આવી હતી. પરપ્રાંતિય રવિ સિંઘે નશાની હાલતમાં બેફામ રીતે કાર ચલાવી લારી ચાલકને ઉછાડ્યો હતો. લારીચાલક ઈજાગ્રસ્ત થતાં ૧૦૮ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. લારી સહિત બે કારને અડફેટે લીધી હતી. જ્યારે કાર આયુર્વેદિક હોસ્પિટલ સામે ડિવાઈડર અને લાઈટના થાંભલા સાથે અથડાઈ હતી. નડિયાદ ટાઉન પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### વરસાદની ૩૦ ટકા ઘટ

# ભારતમાં ૧૯૦૧ બાદ ચાલુ વર્ષે સૌથી કોરો રહ્યો ઓગસ્ટ

### ૧૦૫ વર્ષમાં બીજીવાર એવું બન્યું છે કે, ભારતમાં જુલાઈ કે ઓગસ્ટમાં સામાન્ય કરતાં ૩૦ ટકા કે તેનાથી વધુ ઓછો વરસાદ પડ્યો હોય




। નવી દિલ્હી, તા.૩૦ ।

અલ નીનોની અસરના કારણે વરસાદ પર બ્રેક લાગી ગઈ છે. ઓગસ્ટનો મહિનો ભારતીય હવામાનની દ્રષ્ટિએ સૌથી કોરો મહિનો સાબિત થયો છે. ૧૯૦૧ બાદ પહેલીવાર ભારતમાં ઓગસ્ટ મહિનો આટલો કોરો રહ્યો છે. આ મહિને સામાન્યથી ૩૩ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. ઓગસ્ટ દરમિયાન ૨૦થી વધુ દિવસ મેઘરાજાએ વિરામ લીધો છે. મતલબ કે, આ દિવસોમાં સહેજ પણ વરસાદ નોંધાયો નથી. ઓગસ્ટ મહિનામાં નહિવત્ વરસાદ થતાં જૂનથી સપ્ટેમ્બર સુધીની ચોમાસાની સીઝનમાં સામાન્યથી ઓછો વરસાદ નોંધાવાનું સંકટ વધી ગયું છે. મંગળવાર સુધીમાં ઓગસ્ટમાં આખા દેશમાં ૧૬૦.૩દ્બદ્બ વરસાદ નોંધાયો છે. સામાન્ય રીતે ઓગસ્ટમાં ૨૪૧દ્બદ્બ વરસાદ ૫ ડતો હોય છે. ભારતમાં અત્યાર સુધી ૨૦૦૫નો ઓગસ્ટ મહિનો સૌથી સૂકો રહ્યો હતો અને એ વખતે ફક્ત ૧૯૧.૨દ્બદ્બ વરસાદ નોંધાયો હતો. જે સામાન્યથી ૨૫ ટકા ઓછો હતો. હાલ ચોમાસાનો બ્રેક ચાલી રહ્યો છે અને ઓગસ્ટ મહિનો પતવાને આડે ફક્ત એક દિવસ છે એવામાં ૧૭૦-૧૭૫દ્બદ્બથી વધુ વરસાદ થવાની સંભાવના દેખાતી નથી. ઓગસ્ટ ૨૦૨૩ ભારતના ઈતિહાસનો પ્રથમ ઓગસ્ટ હશે જેમાં ૩૦ ટકા કે તેથી વધુ વરસાદની ઘટ નોંધાઈ છે. એક મહિના સુધી ચોમાસું નબળું રહેતા મંગળવારે દેશમાં વરસાદની ઘટ વધીને ૯ ટકા થઈ હતી. હવે સપ્ટેમ્બર દરમિયાન ચોમાસું કેવું રહે છે તે મહત્વનું છે. ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર મૃત્યુંજય મોહપાત્રાએ કહ્યું, “બંગાળીની ખાડી ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાઈ શકે છે અને તેના લીધે ૨ સપ્ટેમ્બરથી ફરી ચોમાસું વેગ પકડશે તેવી અપેક્ષા છે. આ સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે લો-પ્રેશર સિસ્ટમ સર્જાશે અને તેના કારણે પૂર્વ, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદ પડશે. ૧૦૫ વર્ષમાં બીજીવાર એવું બન્યું છે







કે, ભારતમાં જુલાઈ કે ઓગસ્ટમાં સામાન્ય કરતાં ૩૦ ટકા કે તેનાથી વધુ ઓછો વરસાદ પડ્યો હોય. આ સમયગાળાની જ વાત કરીએ તો, જુલાઈ ૨૦૦૨માં વરસાદની ૫૦.૦૬ ટકા ખોટ વર્તાઈ હતી. જુલાઈ અને ઓગસ્ટ વર્ષના સૌથી ભીના મહિના હોય છે અને ખેતીની દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વના ગણાય છે. જુલાઈમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા અને એ વખતે દેશભરમાં સરેરાશ ૩૧૫.૯દ્બદ્બ વરસાદ નોંધાયો હતો, જે સામાન્ય કરતાં ૧૩ ટકા વધારે હતો અને ૧૮ વર્ષમાં બીજો સૌથી વધુ વરસાદ ધરાવતો મહિનો હતો. નિષ્ણાતોનું માનવું છે કે, ચાલુ વર્ષે અલ નીનોની અસરના કારણે ઓગસ્ટ મહિનામાં અત્યંત ઓછો વરસાદ પડ્યો છે. જણાવી દઈએ કે, અલ નીનો ઋતુગત ઘટના છે.

### બે લશ્કરી પરિવહન વિમાનને નુકસાન થયું

# રશિયા ઉપર યુદ્ધના ૧૮ મહિનામાં સૌથી મોટો હુમલો

### એકવારફરીયુક્રેનેરશિયાનાપાંચવિસ્તારોનેનિશાનબનાવ્યાછે, અહી૧૦થી૨૦ડ્રોનનીમદદથીએકસાથેહુમલોકરવામાંઆવ્યોછે



। નવી દિલ્હી, તા.૩૦ ।

એકવાર ફરી યુક્રેને રશિયાના પાંચ વિસ્તારોને નિશાન બનાવ્યા છે. અહી ૧૦ થી ૨૦ ડ્રોનની મદદથી એક સાથે હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો ગણવામાં આવી રહ્યો છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે યુક્રેન પર ડ્રોન વડે રશિયન પ્રદેશોને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે ડ્રોનથી પશ્ચિમી પસ્કોવ ક્ષેત્રમાં એક એર બેઝ પર હુમલો કરાયો હતો. તે સિવાય ઓર્યોલ, બ્રાંન્સ્ક, રિયાઝાન અને કલુગાના પ્રદેશોમાં પણ ફાયરિગ કરવામાં આવ્યું છે.


આ હુમલાને ૧૮ મહિનામાં રશિયાની ધરતી પરનો સૌથી મોટો ડ્રોન હુમલો ગણાવ્યો છે. પશ્ચિમી રશિયન શહેર પસ્કોવના એરપોર્ટ પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં બે સૈન્ય પરિવહન વિમાનોને નુકસાન થયું હતું. અહેવાલ મુજબ, પસ્કોવ જે યુક્રેનની સરહદથી લગભગ ૮૦૦ કિમી દૂર સ્થિત છે. આ હુમલો બુધવારે વહેલી સવારે કરાયો હતો જેમાં ચાર IL-76 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટને નુકસાન થયું હતું. લાંબા સમયથી રશિયન આર્મી આ એરક્રાફ્ટનો ઉપયોગ કરે છે. સ્થાનિક ગવર્નરે બુધવારે કહ્યું હતું કે સેના હુમલાને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. આ હુમલામાં પરિવહન વિમાન ખરાબ રીતે નાશ પામ્યું હતું. તેણે એક વીડિયો પણ અપલોડ કર્યો છે જેમાં ભીષણ આગ દેખાઈ રહી છે. આ સિવાય વિસ્ફોટનો અવાજ પણ સંભળાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયામાં થયેલા હુમલાઓ વિશે યુક્રેને કંઈ કહ્યું નથી કે આ હુમલો તેણે કર્યો છે કે નહીં. આ હુમલાથી સ્પષ્ટ થઈ ગયું છે કે તાજેતરના અઠવાડિયામાં યુક્રેને રશિયા પર હુમલો કરવા માટે વિસ્ફોટક ડ્રોનનો ઉપયોગ વધાર્યો છે. રશિયાના ઉડ્ડયન અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે વહેલી સવારે મોસ્કોનું વનુકોવો એરપોર્ટ પણ થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૦ થી ૨૦ રશિયાના ઉડ્ડયન અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે વહેલી સવારે મોસ્કોનું વનુકોવો એરપોર્ટ પણ થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૦ થી ૨૦ ડ્રોને પસ્કોવ એરફિલ્ડ પર હુમલો કર્યો હતો, જેનો રશિયન સેનાએ જવાબ આપ્યો હતો. ડ્રોને પસ્કોવ એરફિલ્ડ પર હુમલો કર્યો હતો, જેનો રશિયન સેનાએ જવાબ આપ્યો હતો. રશિયાના ઉડ્ડયન અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે વહેલી સવારે મોસ્કોનું વનુકોવો એરપોર્ટ પણ થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૦ થી ૨૦ ડ્રોને પસ્કોવ એરફિલ્ડ પર હુમલો કર્યો હતો, જેનો રશિયન સેનાએ જવાબ આપ્યો હતો.

## વિશેષ

### ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરી ઓછી હોય છે : સંબંધો સાથે સંબંધિત સમસ્યા પણ ઉભી થઇ રહી હોવાના દાવા થઇ ચુક્યા છે

# મલ્ટીટાસ્કિંગ પ્રક્રિયા નુકસાન કરે છે

વર્તમાન સમયમાં મોટા ભાગના લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વેળા મલ્ટીટાસ્કિંગ કરતા રહે છે. એટલે કે મોબાઈલ ફોનનો ઉપયોગ કેટલાક અન્ય કામની સાથે થતો રહે છે. આધુનિક લાઈફસ્ટાઈલ વ્યક્તિની આ પ્રકારની બની ગઈ છે. જેના કારણે કોઈ પણ વ્યક્તિને નુકસાન થાય છે. મલ્ટીટાસ્કિંગને લઈને શ્રેણીબદ્ધ અભ્યાસ અને સર્વેના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે. વર્તમાન સમયમાં અમે ટીવી નિહાળતા નિહાળતા, કામ કરતા કરતા અને ભોજન કરતી વેળા પણ મલ્ટીટાસ્કિંગ કામ કરતા રહીએ છીએ. જેમ કે કેટલાક લોકો ગેમ્સ રમતા રહે છે. કેટલાક લોકો સોશિયલ મિડિયા ચેક કરતા નજરે પડે છે. તો કેટલાક લોકો ફિલ્મ નિહાળતા નજરે પડે છે. કેટલીક વખત તો અમે અન્ય વ્યક્તિ સાથે ફોન પર વાત કરતી વેળા અન્યની સાથે વાત કરતા રહીએ છીએ. અમને લાગે છે કે અમે કોઈ પણ તકલીફ વગર કેટલાક કામો રહી શકીએ છીએ. જો કે વાસ્તવિકતા એ છે કે મલ્ટીટાસ્કિંગની બાબત ખુબ ખતરનાક છે. કેટલાક નવા અભ્યાસમાં બાબતો ખુલીને સપાટી પર આવી છે. મલ્ટીટાસ્કિંગના ખતરા વધી રહ્યા છે. તાજેતરમા જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો સારા મીડિયા મલ્ટીટાસ્કર હોય છે તેમના દિમાદના ગ્રે મૈટર ઓછા હોય છે. આના કારણે મોટિવેશન અને ઈમોશન પર નિયંત્રણ સાથે સંબંધિત ક્ષેત્રોમાં કમી જોવા મળે છે. મેમોરીની સમસ્યા પણ રહેલી છે. વર્ષ ૨૦૧૬માં કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરીની કમી હોય છે. સુચનાને સ્ટોર કરવાની ક્ષમતામાં ઘટાડો



**સારા મલ્ટીટાસ્કરના દિમાગના ગ્રે મૈટર ઓછા હોય છે કારણ કે...**

થઈ જાય છે. સાથે સાથે લોંગ ટર્મ મેમોરીની ક્ષમતામાં સ્પષ્ટ રીતે કમી જોવા મળે છે. કેટલાક લોકો હમેશા એવી બાબતને લઈને ખુશ રહે છે કે મલ્ટીટાસ્કિંગના કારણે તેઓ ઓછા સમયમાં એક કરતા વધારે કામ કરી નાંખે છે. જ્યારે વાસ્તવિકતા આ બાબત પર આધારિત નથી. મલ્ટીટાસ્કિંગના કારણે આપને કેટલાક પ્રકારના નુકસાન થઈ શકે છે. શોધ કરનાર લોકો આને ટેકનોફેરેન્સ કહે છે. જ્યારે તમે ફોન પર લાગેલા રહો છો અથવા તો અન્ય સાથે ફોન પર વ્યસ્ત રહો છો ત્યારે તેના કારણે સંબંધ સાથે સંબંધિત સમસ્યા ઉભી થાય છે. મલ્ટીટાસ્કિંગના કારણે સંબંધોમાં ઉભી થનાર તિરાડ વધારે ખતરનાક બની જાય છે. આના કારણે સંતુષ્ટિ ઓછી જોવા મળે છે. કોલેજેના વિદ્યાર્થીઓને આવરી લઈને કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કોમ્પ્યુટર પર કામ કરનાર લોકો અથવા તો કોમ્પ્યુટર પર કામ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા જેટલા વધારે પ્રમાણમાં મલ્ટીટાસ્કિંગ કરી હોય છે તે વિદ્યાર્થીઓને વધારે ટેન્શન રહે છે. આનો અર્થ એ થાય છે કે સતત મલ્ટી ટાસ્કિંગના કારણે ટેન્શન વધે છે. હાડકાને નુકસાન થાય છે. મોટી વયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જ્યારે તમે એક વખતમાં એક કરતા વધારે કામ કરો છો ત્યારે હાડકાને નુકસાન થાય છે. મલ્ટીટાસ્કિંગના મોટા ભાગના મામલામાં આપને ઈજા પણ થઈ શકે છે. સાથે સાથે પડી પણ શકો છો. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કોઈ પણ એક કામ એક વખતે પૂર્ણ કરવાની જરૂર હોય છે. ક્લાસરૂમમાં મલ્ટીટાસ્કિંગના એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે લેક્ચરના ગાળા દરમિયાન કોમ્પ્યુટર પર જે વિદ્યાર્થીઓ દ્વારા મલ્ટીટાસ્કિંગ કરવામાં આવે છે તેમને પરીક્ષામાં ઓછા માર્ક મળે છે અને જ્યારે લેક્ચર દરમિયાન ટીચરની વાત પર જે વિદ્યાર્થીઓ ધ્યાન આપે છે તે વિદ્યાર્થીઓને વધારે માર્ક મળે છે. લેક્ચર પર વધારે ફોક્સ કરવાના કારણે દિમાંગ વિષયને સારી રીતે સમજી શકે છે. શોધ કરનાર લોકોએ મલ્ટીટાસ્કિંગ , મીડિયાના ઉપયોગ તેમજ ઈમોશનલ હેલ્થ લિન્કનુ પરીક્ષણ કર્યુ છે. જો કે મિડિયાના ઉપયોગ અને નકારાત્મક પરિણામોની વચ્ચે સંબંધ સ્થાપિત કરી શકાતા નથી. જે લોકો મલ્ટીટાસ્કિંગ કરે છે તેમની સામાજિક બૈચેની એટલી જ વધારે વધે છે. અભ્યાસમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે જે લોકો સપ્તાહના સાત દિવસ સુધી ઘરમાં મલ્ટીટાસ્કિંગ કરે છે.

### મોટા ભાગના ટુકડા પૃથ્વી તરફ પડીને ભસ્મીભુત થઇ જાય છે પરંતુ કેટલાક ટુકડા પૃથ્વીની નજીકની સપાટીમાં વર્ષો સુધી સ્થાપિત રહે છે

# હવે અંતરિક્ષમાં કચરાના ઢગલા

અંતરિક્ષમાં કચરાના કારણે ચિંતા સતત વધી રહી છે. અંતરિક્ષમાં કોઈ પણ દેશ દ્વારા ઉપગ્રહ અથવા તો યાન પર કરવામાં આવેલા વિધ્વંશક પ્રયોગના કારણે સેંકડો ટુકડા અંતરિક્ષમાં ફેલાઈ જાય છે. જે પૈકી મોટા ભાગના ટુંકડા પૃથ્વી તરફ પડીને ભસ્મ થઈ જાય છે. પરંતુ કેટલાક ટુકડા પૃથ્વીની નજીકની સપાટીમાં પ્રવેશ કરી જાય છે. જ્યાં આ ટુકડા વર્ષો સુધી રહે છે. જાણકાર ભારતીય નિષ્ણાંતો કહે છે કે અંતરિક્ષ કચરાના નિકાલ માટે કામ કરવાની જરૂર દેખાઈ રહી છે. વર્ષ ૧૯૮૩માં અંતરિક્ષમાં નાસાના સ્પેસ શટલની વિન્ડ શિલ્ડના પેન્ટથી એક કણ ટકરાઈ જવાના કારણે સમસ્યા સર્જાઈ હતી. જેના કારણે તેમાં એક નાનકડા ખાડા જેવી સ્થિતી સર્જાઈ ગઈ હતી. આ બાબત ખુબ જ ચિતાજનક રહી હતી. કારણ કે આના કારણે અંતરિક્ષ યાત્રીઓની જાનને ખતરો હોઈ શકે છે. જો કે પૃથ્વીની નજીકની સપાટીમાં આવા સંઘર્ષની સમસ્યા ઓછી જોવા મળે છે. આંકડા પર નજર કરવામાં આવે તો આ વર્ષના આરંભમાં એકથી ૧૦ સેન્ટીમીટર આકારના ટુંકડાની સંખ્યા ૧૦ લાખ હતી. જ્યારે એક સેન્ટીમીટરથી ઓછા આકારવાળા આમાંખુબ વધારે હશે. જ્યારે ૧૦ સેન્ટીમીટરથી વધારે મોટા ટુકડાની સંખ્યા ૩૪૦૦૦ કરતા વધારે છે. ઈતિહાસમાં ચોથી ઓક્ટોબર ૧૯૫૭નો દિવસ કોઈ સામાન્ય દિવસ ન હતો. આ દિવસે પ્રથમ વખત માનવી દ્વારા અંતરિક્ષમાં એક અભૂતપૂર્વ ઉંડાણ ભરી હતી. એ વખતે સોવિયત સંઘદ્વારા સ્પુતનિક-૧ નામના કૃત્રિમ ઉપગ્રહને પૃથ્વીની કક્ષામાં સ્થાપિત કરવામાં સફળતા મેળવી હતી. આ ૫૮



**ઉપગ્રહો અને યાન પર પ્રયોગો દરમિયાન સેંકડો ટુકડા ફેલાઇ**

સેન્ટીમીટરનમા આકારના એક ધાતુના કદમાં સાધન હતુ. જેમાં ચાર બહારના એન્ટિના લાગેલા હતા. આ કારનામાના કારણે અંતરિક્ષને જાણે એકાધિકારમાં લેવા માટે એક પ્રકારની સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. જે હજુ સુધી જારી છે. આ સ્પર્ધાનો હવે અંત આવે તેમ લાગતુ નથી. આનાથી અલગ એક ટેકનોલોજીમાં ક્રાન્તિની શરૂઆત હતી. જેમાં એવા મોટા ભાગના દેશો સામેલ થઈ ગયા હતા જે અંતરિક્ષમાં મોટી સફળતા હાંસલ કરવા માટે ઈચ્છુક હતા. હવે તો અનેક દેશોના ભુ ઉપગ્રહો સંચાર વ્યવસ્થા રિમોટ સેન્સિંગ, મિલેટરીને સમર્પિત અને વૈજ્ઞાનિકોના અભ્યાસ માટે અંતરિક્ષમાં સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આ તમામ ઉપગ્રહો સ્થાપિત કરવામાં આવ્યા બાદ અંતરિક્ષમાં કચરાને લઈને પણ સમસ્યા ઉભી થઈ રહી છે. કેટલાક દેશો તો હાલમાં માનવ સહિત અંતરિક્ષ યાત્રાની તૈયારીમાં લાગેલા છે. સામાન્ય રીતે પ્રશ્ન કરવામાં આવે છે કે અંતરિક્ષ ક્યાં છે. આનો સરળ જવાબ જાણીતા વૈજ્ઞાનિક પ્રેડ હોએલે આપ્યો છે. તેમનુ કહેવુ છે કે માત્ર ૧૦૦ કિલોમીટરની ડ્રાઈવ જેટલુ દુર છે. આના માટે આકાશની તરફ જવાની જરૂર છે આ ઉંચાઈ પર પૃથ્વીનુ વાતાવરણ લગભગ નહીની સ્થિતીમાં છે. આ ઉંચાઈ પર પરત ફરતા ફરતા અંતરિક્ષ યાન અથવા તો ઉપગ્રહોના વિઘટનની પ્રક્રિયા શરૂ કરવામાં આવે છે. કોઈ પણ વસ્તુ માટે રિ એન્ટ્રી અથવા તો બાહરના અંતરિક્ષથી વાતાવરણમાં પ્રવેશ કરવાની બાબત અથવા તો માનવી સહિત અંતરિક્ષ યાન માટે ઘર વાપસી પણ આ ઉચાઈથી થાય છે. મોટા ભાગના ભૂ ઉપગ્રહો પૃથ્વીની નજીકની સપાટીમાં સ્થાપિત કરવામાં આવે છે. જે ૪૦૦થી ૧૦૦૦ કિલોમીટરની ઉંચાઈ પર હોય છે. આ તમામ સપાટી ધ્રુવોથી ૨૦થી ૩૦ ડિગ્રીના કોણની અંદર રહે છે. તેમને ધ્રુવીય ઉપગ્રહ કહેવામાં આવે છે. તેમના પરિભ્રમણ કાળની અવધિ ૯૦ મિનિટ સમાન હોય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે સૌથી ઉપર ભુ સ્થિર સપાટી છે. ભુ ઉપગ્રહો મોટા ભાગે પૃથ્વીની નજીકની સપાટીમાં સ્થાપિત કરવામાં આવે છે આ જ સપાટીમાં અંતરિક્ષ યાનના વિસર્જિત હિસ્સા પણ જુદી જુદી સપાટીમાં બેસે છે. અનેક ઉપગ્રહો લોંચના કારણે સ્થિતી એ થઈ છે કે આની સંખ્યા હવે લાખોમાં થઈ ગઈ છે. આ લાંબા સમય સુધી પૃથ્વીની નજીકની સપાટીમાં પરિભ્રમણ કરે છે.

### ડાકોર મંદિરમાં સન્મુખ દર્શન મામલે મોટા સમાચાર
### પુરુષોને ૫૦૦ રૂપિયામાં તો મહિલાઓને ૨૫૦ રૂપિયામાં સન્મુખ દર્શનનો લાભ મળશે

# ડાકોરમાં દરેક સિનિયર સિટીજન ફ્રીમાં સન્મુખ દર્શન કરી શકશે

। ખેડા,તા.૩૦ ।

ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા ભગવાનના સન્મુખ દર્શન કરવા માટે રૂપિયા લેવાની જાહેરાત વચ્ચે મંદિર ટ્રસ્ટે આ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે, આ નિયમમાં કેટલાક લોકોને છુટછાટ મળશે. ગર્ભવતિ મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, શારીરિક અશક્ત અને દિવ્યાંગો મંદિરે દર્શન માટે જશે તો તેમને એકપણ રૂપિયા લીધા વગર સન્મુખ દર્શનનો લાભ આપવામાં આવશે.

ખેડાઃ ખેડા જિલ્લાના જગપ્રસિદ્ધ ડાકોરના રણછોડરાય મંદિરમાં VIP દર્શન મુદ્દે મોટા સમાચાર સામે આવ્યા છે. મંદિર ટ્રસ્ટે આપેલી જાણકારી પ્રમાણે ગુરુવારથી ડાકોરમાં દરેક સિનિયર સિટીજન ફ્રીમાં સન્મુખ દર્શન કરી શકશે. આ સાથે ગર્ભવતી મહિલાઓ અને તમામ દિવ્યાંગોને સન્મુખ દર્શનનો નિઃશુલ્ક લાભ મળશે. આ ઉપરાંત ડાકોર અને ઠાસરાના તમામ સ્થાનિકોને પણ ભગવાનનાં સન્મુખ દર્શનનો લાભ આપવાનો નિર્ણય લેવાયો છે. જેઓ રજિસ્ટ્રેશન કરાવી ભગવાનના સન્મુખ દર્શનનો લાભ લઈ શકે છે. ભગવાન રણછોડરાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ જાહેરાતથી વિવાદોનો અંત આવ્યો છે. (અ) તમામ વરિષ્ઠ નાગરિક (સીનિયર સીટીઝન) (શારીરિક રીતે અનફીટ)

**(બ) શારીરિક અશક્ત તથા દિવ્યાંગો**

**(ક) ગર્ભવતી માતા - બહેનો**

**(ડ) ડાકોર-ઠાસરા ઉમરેઠ વિસ્તારના ભાવિક ભક્તો**

વિવાદનો અંત! ખેડાના ડાકોર મંદિરમાં VIP દર્શન (સન્મુખ દર્શન) તો મોટી ખબર એ છે કે આ ૪ શ્રેણીમાં આવતા લોકોને ભગવાનનાં સન્મુખ



દર્શન કરવા માટે એક પણ રૂપિયો ખર્ચ કરવો નહીં પડે. પરંતુ બાકીના લોકો માટે ૫૦૦ રૂપિયા અને ૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જે ૪ શ્રેણીમાં છૂટ આપી છે તે સિવાયના પુરુષોને ૫૦૦ રૂપિયામાં તો મહિલાઓને ૨૫૦ રૂપિયામાં સન્મુખ દર્શનનો લાભ મળશે. મંદિર ટ્રસ્ટે જાહેરાત કરી છે કે ભક્તોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી આ વ્યવસ્થા હેઠળ જે પણ રકમ એકત્રિત થશે તે ભક્તોની સુવિધા માટે વપરાશે.

ડાકોરમાં સન્મુખ દર્શન માટે રૂ.૫૦૦ અને રૂ.૨૫૦ નક્કી કરવામાં આવતાં ભક્તો-સેવકો નારાજ જોવા મળ્યા છે. હિન્દુ સંગઠનના યુવાનો અને ઠાસરા તાલુકાના સરપંચ એસોસિએશનના સરપંચો મંદિરમાં વિરોધ પ્રકટ કરવા પહોંચ્યા હતાં. તેઓએ 'ભગવાન તો પ્રેમના ભૂખ્યા તમે પૈસાના ભૂખ્યા' ના નારા સાથે ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. ઉગ્ર વિરોધ સાથે મંદિરના મેનેજરને આવેદન પત્ર આપવામાં આવ્યું. સાથે જ આવેદનમાં શનિવારે સાંજે છ વાગ્યા સુધીમાં નિર્ણય પાછો નહીં ખેંચાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી હતી. એસોસિયેશનના સરપંચો અને યુવાનો દ્વારા આ નિર્ણયને મનસ્વી નિર્ણય ગણાવવામાં આવ્યો હતો. તો બીજી તરફ, ડાકોરમાં vip દર્શનને લઈને હોબાળો થયો હતો. મંદિર પરિસરમાં આવેદન પત્ર આપવા આવેલા લોકોને કર્મચારી દ્વારા બહાર કાઢવામાં આવતા હોબાળો મચ્યો હતો. આ બાદ આવેદનપત્ર આપવા આવેલા લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટના બાદ મંદિર ટ્રસ્ટ કમિટી દ્વારા કેટલાક મહત્વના નિર્ણયો જાહેર કરાયા છે. જેમાં ડાકોર, ઠાસરા અને ઉમરેઠની સ્થાનિક પ્રજાએ ભગવાનના સન્મુખ દર્શન માટે એક પણ રૂપિયાનો ચાર્જ આપવો નહીં પડે.. એસોસિયેશનના સરપંચો અને યુવાનો દ્વારા આ નિર્ણયને મનસ્વી નિર્ણય ગણાવવામાં આવ્યો હતો. તો બીજી તરફ, ડાકોરમાં vip દર્શનને લઈને હોબાળો થયો હતો. મંદિર પરિસરમાં આવેદન પત્ર આપવા આવેલા લોકોને કર્મચારી દ્વારા બહાર કાઢવામાં આવતા હોબાળો મચ્યો હતો. આ બાદ આવેદનપત્ર આપવા આવેલા લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટના બાદ મંદિર ટ્રસ્ટ કમિટી દ્વારા કેટલાક મહત્વના નિર્ણયો જાહેર કરાયા છે. જેમાં ડાકોર, ઠાસરા અને ઉમરેઠની સ્થાનિક પ્રજાએ ભગવાનના સન્મુખ દર્શન માટે એક પણ રૂપિયાનો ચાર્જ આપવો નહીં પડે..

**ન્યૂઝ બ્રિફ**

## ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ

। અમદાવાદ, તા.૩૦ ।

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિના આ પર્વની રાજ્યની બહેનો સાથે ઉજવણી કરી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, મહિલા ધારાસભ્યો અને મહિલા આ ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં સ્થિત સાધના પોલીસકર્મીઓ સહિત રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીને રક્ષાસૂત્ર બાંધી દીર્ઘાયુના આશીર્વાદ અને પ્રજાના કલ્યાણકારી કામો માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ખેડૂતોનો પાક બચાવવા ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે : ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ

# રાજ્યના ખેડૂતોને પાવર અને પાણી આપવાનો રાજ્ય સરકારનો વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય

### ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારોમાં ખેડૂતોની જરૂરિયાત પ્રમાણે સિંચાઇ માટે પાણી અપાશે : પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

। અમદાવાદ, તા.૩૦ ।

રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોના ઉભા પાકને બચાવવા માટે રાજ્ય સરકારે ખેડૂતોને પાવર અને પાણી આપવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ખેડૂતોના પાક બચાવવા ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી આપવામાં આવશે જેનો તાત્કાલિક ધોરણે અમલ કરવામાં આવશે. આ નિર્ણયથી રાજ્યના અંદાજે કુલ ૨૦.૨૮ લાખ ખેતી વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોમાંથી ૧૪ જિલ્લાના અંદાજે ૧૨ લાખ જેટલા ખેતી વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને લાભ થશે તેમ, ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન



હેઠળ લેવાયેલા આ નિર્ણયની મીડિયાને વિગતો આપતા મંત્રી કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે,રાજ્યમાં વરસાદ ખેંચાતા ખાસ કરીને ડાંગર, કપાસ અને મગફળી જેવા પાકને બચાવવા માટે આ મહત્વનો નિર્ણય કરાયો છે. જેમાં કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ,ખેડા, અમરેલી, સુરેન્દ્રનગર,રાજકોટ,જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ખેડૂતોની જરૂરીયાત અને માંગણી અનુસાર વીજળી અને પાણી પૂરૂ પાડવામાં આવશે. પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં ખેડૂતોની જરૂરિયાત પ્રમાણે સિંચાઇ માટે પાણી અપાશે. સરદાર સરોવર સહિત રાજ્યના જે ડેમોમાં ૮૦ ટકાથી વધુ પાણી છે તેવા ડેમોમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવશે.

### રાજ્યમાં અકસ્માતોના પ્રમાણમાં વધારો થયો

## પાટણના સમી સંખેશ્વર રોડ પર ટ્રક પાછળ કાર ઘૂસતાં ૬નાં મોત

। પાટણ, તા.૩૦ ।

રાજ્યમાં કોઈને કોઈ કારણોથી દિન પ્રતિદિન અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યા રાજ્યમાં આજે વધુ એક માર્ગ અકસ્માત સર્જાયો છે. જે બાબતે મળતી માહિતી પ્રમાણે પાટણના સમી સંખેશ્વર રોડ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. વિગતો પ્રમાણે રોડ પર ઉભેલી આઈસર ટ્રકની પાછળ ધડાકાભેર કાર ઘૂસી જતા આ ગંભીર દુર્ઘટના બની હતી. ભાઈ બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનના દિવસે બહેનોએ તેમના વ્હાલ સોયા ભાઈઓ ગુમાવ્યા. જેના સમાચાર મળતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના આગળના ભાગનો ખુરદો બોલાઈ ગયો હતો. આ અકસ્માતમાં ૩ લોકોના ઘટના સ્થળે કરૂણ મોત થયા હતા. જો કો આ ત્રણેય મૃતકોરાધનપુરનાહોવાનુંપ્રાથમિક માહિતી મળી છે. આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી. આ અકસ્માતમાં ૩ લોકોના ઘટના સ્થળે કરૂણ મોત થયા હતા. જો કો આ ત્રણેય મૃતકો રાધનપુરના હોવાનું પ્રાથમિક માહિતી મળી છે. આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી. જો કો આ ત્રણેય મૃતકો રાધનપુરના હોવાનું પ્રાથમિક માહિતી મળી છે. આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી.

### ડિજિટલ સાક્ષરતા પ્રોજેક્ટ અંતર્ગત તુર્કીથી ભારત આવેલા

# બેંગિસુ સુસારે અમદાવાદ જિલ્લાની રોપડા પ્રાથમિક શાળાની પસંદગી

### વિવિધ પ્રવૃતિઓ સાથે-સાથે નાટક પ્રવૃત્તિ દ્વારા બાળકોની ભાવનાત્મક અને શારીરિક જાગૃતિના વિકાસનું મહત્વ સમજાવી રહી છું : બેંગિસુ સુસાર

। અમદાવાદ, તા.૩૦ ।

એક જમાનો હતો કે જ્યારે ગુરુકુળ અથવા વિદ્યાપીઠોમાં ગુરુ-શિષ્ય પરંપરા અનુસાર અધ્યયન અને અધ્યાપન થતું. સમયાનુસાર તે ઉત્તમ પધ્ધતિ હતી પણ સમયના બદલાવ સાથે રીત બદલાતી ગઈ છે. આજે વિશ્વ બદલાઈ રહ્યું છે, આજના વિશ્વમાં ઓનલાઈ શિક્ષણ અથવા કહો કે ઈન્ટરનેટથી શિક્ષણ ખૂબ વ્યાપક બનતું જઇ રહ્યું છે અને તેને આપણે અપનાવી પણ રહ્યા છીએ. જેની સાથે આજે ડિજિટલ સાક્ષરતા પણ મહત્વનું બની ગયું છે અને કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ ડિજિટલ સાક્ષરતાને ખુબ મહત્વ આપીને ઘણી યોજનાઓ અને પ્રોજેક્ટ શહેર અને ગ્રામિણ લેવલ પર શરૂ કર્યા છે. ભારતમાં સતત વધી રહેલા ડિજિટલ સાક્ષરતાનું મહત્વ સમજવા અને તેનો વ્યાપક બાળકો સુધી વધુમાં વધુ પહોંચાડવા માટે ડિજિટલ સાક્ષરતા પ્રોજેક્ટ અંતર્ગત તુર્કીથી ભારત આવેલા બેંગિસુ સુસારે અમદાવાદ જિલ્લાની રોપડા પ્રાથમિક શાળાની પસંદગી કરી છે. એટલું જ નહીં, બેંગિસુ સુસાર પાંચ દિવસ સુધી રોપડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભણાવશે. આ અંગે વાત કરતા તુર્કીથી આવેલા બેંગિસુ સુસાર કહે છે કે, હું અત્યારે તુર્કીમાં બાયો મેડિકલ એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરું છું. મારા ડિજિટલ લિટરસી પ્રોજેક્ટ અંતર્ગત હું ભારતમાં આવી છું. બેંગિસુ સુસારે વધુમાં કહ્યું કે, મેં મારા પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ જિલ્લાની રોપડા ગામની પ્રાથમિક શાળાની પસંદગી કરી છે. હાલમાં હું ગ્રામ્ય કક્ષાના બાળકોને ડિજિટલ સાધનોનો ઉપયોગ વિશે સમજાવી રહી છું તેમજ વિવિધ પ્રવૃતિઓ સાથે-સાથે નાટક પ્રવૃત્તિ દ્વારા બાળકોની ભાવનાત્મક અને શારીરિક જાગૃતિના વિકાસનું મહત્વ સમજાવી રહી છું. બેંગિસુ સુસાર ડિજિટલ લિટરસી ક્ષેત્રમાં કાર્ય કરવા માટે ૧૭ જુલાઈથી ભારતમાં છે.

### વડોદરામાં ટ્રેન ઉથલાવવાના પ્રયાસની ઘટનામાં હવે ATSનો પ્રવેશ

# વરણામા-ઈટોલા વચ્ચે ટ્રેન ઊથલાવવાનું કાવતરું ઘડાયુ

। વડોદરા,તા.૩૦ ।

વડોદરામાં ટ્રેન ઉથલાવવાના પ્રયાસની ઘટનામાં હવે ATSનો પ્રવેશ થયો છે. સ્ટેશનની આસપાસના વિસ્તારોમાં ATSએ તપાસ શરૂ કરી છે. ગ્રામ્ય પોલીસની ટીમો પણ તપાસ કરી રહી છે. વરણામા-ઈટોલા વચ્ચે આ સમગ્ર ટ્રેન ઊથલાવવાનું કાવતરું ઘડાયું હતું. વડોદરા રેલવે ટ્રેક પર ટ્રેનને પસાર થવા માટે સિગ્નલ ન મળતા મામલો સામે આવ્યો હતો. અજાણ્યા શખ્સે મેટલ ફેન્સિંગ પોલ મુકી ષડયંત્ર રચ્યું હોવાનું સામે આવ્યું હતું. ઓખા-શાલીમાર અને અમદાવાદ-પુરી એક્સપ્રેસ ટ્રેનનો આ ઘટનામાં આબાદ બચાવ થયો હતો. વડોદરા સ્ટેશનની આસપાસના વિસ્તારો માં ગુપ્ત રાહે ATS દ્વારા તપાસ શરૂ કરી છે. વડોદરા ગ્રામ્ય પોલીસની જુદી જુદી ટીમો દ્વારા તપાસ કરાઈ રહી છે. આ બાબતે શકમંદ લોકોની પૂછપરછ પણ કરાઈ રહી છે. મહત્વનું છે કે વંદે ભારત ટ્રેન ને કારણે તથા સ્પીડ અપગ્રેડિંગ કામગીરીના ભાગરૂપે વડોદરા સુરત રેલવે ટ્રેક પર જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે, અને આ કામગીરી માટે જરૂરી મેટલ ફેનસિંગ પોલનો મોટો જથ્થો અહીં મૂકવામાં આવ્યો હતો, ત્યાંથી આ પોલ ટ્રેક પર કોઈ અજાણ્યા ઈસમો દ્વારા લાવવામાં આવ્યો હતો. જોકે હવે ATS આ સમગ્ર બાબતે તપાસ કરી રહી છે.

### વડોદરામાં કોમી વૈમનસ્ય ફેલાવવાના કેસમાં મોટો ખુલાસો

# આર્મી ઓફ મહેંદી ગ્રૂપના રાજ્યવ્યાપી નેટવર્કનો પર્દાફાશ

### ભારે વરસાદને કારણે કેટલીક ટ્રેન વ્યવહાર પર અસર

। વડોદરા,તા.૩૦ ।

વડોદરામાં કોમી વૈમનસ્ય ફેલાવવાના કેસમાં મોટો ખુલાસો થયો છે. પોલીસની તપાસમાં આર્મી ઓફ મહેંદી ગ્રુપના રાજ્યવ્યાપી નેટવર્કનો પર્દાફાશ થયો છે. આ ગ્રૂપના સભ્યો સમગ્ર રાજ્યમાં છે. જેમાં વિધર્મી કપલ અંગેની માહિતી આયોજનપૂર્વક રાજ્ય વ્યાપી નેટવર્કમાં ફેલાવવામાં આવે છે. ફૂડ ડિલિવરી બોય અને ખાણી પીણીના લારી વાળાઓ પાસેથી પણ માહિતી મેળવવામાં આવે છે. કોઈ પણ મુસ્લિમ યુવતી અન્ય ધર્મના યુવક સાથે નજરે પડે તો ગ્રૂપમાં મેસેજ નાખવામાં આવતો. બાઈક અથવા કારના નંબરના આધારે મોબાઈલ એપ્લીકેશન દ્વારા ઓળખ કરવામાં આવતી. વડોદરા પોલીસને એક મોબાઈલમાંથી ડીલીટ કરી દેવાયેલી આર્મી ઓફ મહેંદી ગ્રૂપની આખી ચેટ મળી આવી. પોલીસને વાંધાજનક ચેટ, ઓડિયો મેસેજ અને અનેક વિડીયો મળ્યા. આ ગ્રુપના ૨૦ એક્ટિવ મેમ્બરની પોલીસ પૂછપરછ કરી રહી છે. ગ્રુપ સાથે સંકળાયેલા કોઈપણ મેમ્બરની ગુનાહિત સંડોવણી બહાર આવશે તો તેમની સામે પોલીસ કડક કાર્યવાહી કરશે. ગોત્રી પોલીસે એક મોટા ષડયંત્રની ગંધ આવતા હવે ઘનિષ્ઠ તપાસ શરૂ કરી છે. જેમાં આરોપીઓની પૂછપરછ અને મોબાઈલ ગ્રુપની હિસ્ટ્રી તપાસવામાં આવી રહી છે. મોબાઈલ ગ્રુપની તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓએ સૌપ્રથમ 'આર્મી ઓફ મહેંદી ગ્રુપ' બનાવ્યું હતું. આ ગ્રુપ ૪ મહિના સુધી એક્ટિવ રહ્યું હતું, જેમાં ૫૫૦ સભ્યો હતા, ૪ મહિના બાદ 'મહેંદી ગ્રુપ' ડિલીટ કરીને નવું 'લશ્કરે આદમ' ગ્રુપ બનાવાયું, જેમાં ૩૫૦ જેટલા એક્ટિવ સભ્યો હોવાનુ સામે આવ્યું છે. આર્મી ઓફ ગ્રુપનું નામ અત્યારે બદલીને લશ્કર એ આદમ કરી દેવાયું છે. આ તરફ પોલીસને જે ગ્રુપ ચેટ અને ઓડિયો મેસેજ મળ્યા છે તેમાં પણ ચોંકાવનારી માહિતી બહાર આવી છે. ગ્રુપના લોકો મુસ્લિમ યુવતી સાથે અન્ય ધર્મનો યુવક દેખાય તો તેમનો પીછો કરતા અને ગ્રુપમાં ઓડિયો મેસેજ છોડી અન્ય સભ્યો પાસે મદદ માગતા.

### અમદાવાદમાં લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યુ અને યુવતીને તરછોડી દીધી હતી

# યુવતીએ દગાબાજ પ્રેમી વિરૂધ્ધ નરોડા પોલીસમાં ફરિયાદ નોંધાવી

### યુવક બે વર્ષ બાદ યુવતીને લગ્નનો ઇક્કાર કરીને તરછોડીને જતો રહયો

। અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદમાં ફરી એક યુવતીને પ્રેમમાં દગો મળ્યો હોવાની ઘટના સામે આવી છે. પ્રેમીએ લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યુ અને યુવતીને તરછોડી દીધી. યુવતીએ દગાબાજ પ્રેમી વિરૂધ્ધ નરોડા પોલીસ સ્ટેશમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. જોકે ગણતરીના કલાકોમાં પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસની કસ્ટડીમાં રહેલો આરોપી જય પટેલ જે નરોડા ખાતે રહે છે. જય પટેલે બે વર્ષ પહેલાં નરોડાની યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતીને લગ્નની લાલચ આપી જુદી જુદી હોટલમાં લઈ જઈને અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું, પરંતુ આ યુવક બે વર્ષ બાદ યુવતીને લગ્નનો ઈક્કાર કરીને તરછોડીને જતો રહયો. દગાબાજ પ્રેમની કરતુત અને વર્તનથી કંટાળીને ભોગ બનનાર યુવતીએ નરોડા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી પ્રેમીની ધરપકડ કરી. સમગ્ર ગુનાની વિગતવાર વાત કરીએ તો ભોગ બનનાર યુવતી કોલેજમાં અભ્યાસ કરવા જતી હતી તે દરમિયાન આરોપી જય વારંવાર કોલેજની બહાર ઉભો રહીને યુવતીને પ્રેમ સબંધ રાખવા માટે પ્રપોઝ કરતો હતો. યુવતીએ પ્રેમ સંબંધ બાંધવામાં સંમતિ બતાવ્યા બાદ બંને એકબીજાને મળતા હતા, પરંતુ આ હેવાન પ્રેમીનો ઈરાદો કંઈક અલગ જ હતો અને થોડોક સમય વીત્યા બાદ યુવતી પાસે શારીરિક સંબંધ બાંધવા માટેની માંગણીઓ કરી હતી. યુવતીએ શારીરિક સંબંધ બાંધવાની ના પાડતા આરોપીએ બહાર ફરવા જવાના બહાને બાઈક પર બેસાડીને હોટલના એક રૂમમાં લઈ જઈ દુષ્કર્મ આ આચર્યું હતું. આરોપીએ હદ તો ત્યાં વટાવી કે પોતાનું સ્વાર્થ પૂરો થઈ ગયા પછી યુવતીને લગ્ન કરવાની ના પાડી અને જો તું કોઈને કહીશ તો તને અને તારા પરિવારની જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવતીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨